# કોટી કોટી વંદન

## ડૉ. બાબા સાહેબ આંબેડકરજીની ૧૩૩મી જન્મ જયંતિએ કોટી કોટી વંદન....

યુગપુરૂષ સમા ભારતીય સંવિધાનનાં ઘડવૈયા, મહિલા ઉધ્ધારક, કર્મનિષ્ઠ અને વૈશ્વિક પ્રતિભા ધરાવતા

**ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરજી ને**

**૧૩૩મી જન્મ જયંતિએ કોટિ કોટિ વંદન...**



ડૉ. બાબા સાહેબ આંબેડકર

ભારતના બંધારણનાં ઘડવૈયા

:: વંદન કર્તા ::

**સમગ્ર અનુ. જાતિ સમાજ**

**ચિત્તલ રોડ – અમરેલી**


### એસપીની સુચનાથી સીટી પોલીસની કામગીરી

# રાજુલાનાં હિંડોરણા ગામેથી વિદેશી દારૂની હેરફેર કરનાર બે ઈસમો ઝડપાયા

## અમદાવાદની બાઈક ચોરીનો ભેદ પણ ખુલ્યો

અમરેલી, તા. ૧૩

રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસઈન્સ. આઈ.જે. ગીડાની સુચના અને માર્ગદર્શન નીચે પોલીસ ટીમ રાજુલા વિસ્તારમાં નાઈટરાઉન્ડ પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન રાજુલા તાલુકાના હિંડોરણા ગામે આવેલ વૃંદાવન હોટલ પાસે મોટર સાયકલમાં ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થાની હેરા ફેરી કરતા જીવણભાઈ ભીખાભાઈ ભડા તથા રાજેશભાઈ મનસુખભાઈ ટાટમીયા રહે. બંને રામપરા, તા. વિસાવદર) વાળાએ બે ઈસમને અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટના વિદેશી દારૂની કંપની રિંગપેક બોટલ નંગ–૧૪ કુલ કિંમત રૂા. ૪૫૦૦ ના મુદામાલ સાથે પકડી પાડી તથા ચોરીની મોટર સાયકલ



કબ્જે કરી અમદાવાદ શહેરના મોટર સાયકલ ચોરીનો ભેદ પણ ઉકેલાયો. આરોપીઓ વિરુધ્ધ ધોરણસરની કાર્યવાહી કરેલછે.

### ગીરગઢડાનાં હરમડીયા ગામ નજીકની ઘટના

# દેલવાડા–જુનાગઢ રૂટની લોકલ ટ્રેન સાથે ખાનગી ટ્રાવેલ્સની બસ અથડાતા એક વ્યક્તિ ઘાયલ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૩

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના દેલવાડાથી ઉપડતી દેલવાડા જૂનાગઢ ટ્રેન ગીર ગઢડા તાલુકાના પીછવી અને હરમડિયા ગામ વચ્ચે ટ્રેન પસાર થવાના ખુલ્લા ફાટકમાં ખાનગી બસ આવી ચડેલ. ટ્રેનની ઠોકર વાગતા બસ દૂર ફંગોળાઈને પલ્ટી મારી ગયેલ. બસમાં સવાર ત્રણ લોકોમાંથી એક મુસાફરને હાથ અને માથાના ભાગે ઈજા થતાં ગીર ગઢડા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવેલ. જયારે અન્ય બસ ડ્રાઈવર અને સાથીદારને સામાન્ય ઈજા થયેલ.

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના દેલવાડા ગામેથી જૂનાગઢ જવા માટે બપોરના ૨:૧૫ આસપાસ ઉપડતી ટ્રેન ૩:૩૦ આસપાસ પીછવી ગામ પાસે આવેલ ખુલ્લા ફાટકથી પસાર થઈ રહી હતી ત્યારે હરમડિયા ગામેથી ઉપડતી અને સુરત જતી કામધેનુ નામની ખાનગી બસ આ ખુલ્લા ફાટકમાંથી પસાર થવા જતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના લીધે ટ્રેન સાથે બસ ધડાકા સાથે અથડાયેલ અને દૂર ફેંકાય ગયેલ અને પલ્ટી મારી ગયેલ. સદનસીબે બસમાં ત્રણ લોકો સવાર હતા જેમાં એક વૃધ્ધ યુવકને હાથ અને માથાના ભાગે ઈજા થતાં ગીર ગઢડા સરકારી હોસ્પિટલે ૧૦૮ની મદદથી ખસેડેલ. જયારે અન્ય ડ્રાઈવર અને તેના સાથીને સામાન્ય ઈજા થવા પામેલ. આ અકસ્માતની જાણ થતાં આજુબાજુના વિસ્તારના લોકો એકઠા થયેલ અને ગીર ગઢડા પોલીસ સ્ટાફ ઘટના સ્થળે આવી પહોંચેલ.

મીટરગેજ ટ્રેનની ઝડપ ઓછી હોવાથી અને બસમા મુસાફરોની સંખ્યા ના હોવાના લીધે મોટી દુઘર્ટના થતાં ટળી હતી. અકસ્માત બાદ ટ્રેનને થોડી કલાકો બાદ રવાના કરવામાં આવેલ. કારણ કે જૂનાગઢથી સાંજના સમયે પરત આવતી ટ્રેન પણ આ એક જ મીટરગેજ ઉપરથી પસાર થવાની હતી. જયારે ખાનગી બસને જેસીબીની મદદથી દૂર ખસેડવામાં આવેલ. જંગલમાંથી પસાર થતી આ દેલવાડા– જૂનાગઢ ટ્રેન અનેક ગામડાઓમાંથી પસાર થાય છે. ત્યારે આ ટ્રેનના ટ્રેક ઉપરથી ક્રોસ થતાં રોડ ઉપર ફાટકો ખુલ્લા છે જેમાં અમુક ફાટકો ઉપર ટ્રેન નીકળવાના દોરડા બાંધીને ટ્રાફિક રોકવામાં આવે છે. રેલ્વે વિભાગની આ ઘોર બેદરકારીના લીધે મુંગા જાનવરોનો અને લોકોનો પણ ભોગ લેવાય છે.


LG Life's Good.

Happiness Comes Home



EXCLUSIVE OFFERS

Fixed EMI 1999/-*

Up to 5%* Cash Back Max. up to 2000/-*

*T&C Apply

LG BEST SHOP

મુકુંદરાય એન્ડ બ્રધર્સ

કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી

મો. 99747 72377



નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ

ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦



ડૉ. અંકિત ગાબાણી (M.B.B.S., D.ORTHO)

તમામ પ્રકારના ફ્રેક્ચર

સ્નાયુ/હાડકા/સાંધા/મણકાના દુઃખાવા

ગોઠણ બદલવાના ઓપરેશન (TKR)

થાપાનો ગોળો બદલવાના ઓપરેશન (THR)

તાણીયાંના ઓપરેશન (આર્થોસ્કોપી)



ડૉ. નીત ચોટાઈ MBBS, M.S., DrNB (Urology)

કિડનીના રોગો

પથરીના ઓપરેશન

પ્રોસ્ટેટના ઓપરેશન અને સારવાર

સુન્નતના ઓપરેશન

પુરુષોમાં વંધ્યત્વ અને સેકસ સંબંધીત સમસ્યાઓનું નિરાકરણ

લેબોરેટરી, ડીઝીટલ એક્સ–રે, મેડિકલ સુવિધા રાહતદરે ઉપલબ્ધ.

આયુષ્માન ભારત યોજના દ્વારા મફત સારવાર ઉપલબ્ધ.

વાહન અકસ્માતમાં મફત સારવાર અને ઓપરેશન (પ્રથમ ૪૮ કલાકમાં)

હવે...બદલાશે સારવારની પરીભાષા

અમરેલીમાં એકમાત્ર રેગ્યુલર યુરોલોજીસ્ટ ધરાવતી હોસ્પિટલ

સાંધા બદલવાના ઓપરેશન તદ્દન મફત કરી આપવામાં આવે છે

24/7 Emergency Services



## ભાજપનાં ઉમેદવાર ભરતભાઈ સુતરીયાને પ્રચંડ સમર્થન

# સાવરકુંડલા પંથકનાં ૧૩ શકિત કેન્દ્રો ઉપર મોદી પરિવાર સભા યોજાઈ

**ભાજપનાં ઉમેદવારની ઉપસ્થિતિમાં ધારાસભ્ય મહેશ કસવાલાએ જબરદસ્ત વકતવ્ય આપેલ**

**ખેડૂતનો દિકરો છું, સંસદમાં ખેડૂતનો અવાજ બનીશ : ભરત સુતરીયા**

**ભુવા, વંડા, મોટા ભમોદ્રા, આંબરડી અને સાવરકુંડલા શહેરમાં સભા યોજાઈ**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં ૪૦૦ બેઠકનાં સપનાને સાકાર કરવા કામે લાગી જવા આહ્‌વાન**



સાવરકુંડલા, તા. ૧૩

અમરેલી લોકસભાના ભાજપનાં ઉમેદવારની પ્રચંડ જીત માટે ભારતીય જનતા પાર્ટી ધ્વારા અનેક નાના-મોટા કાર્યક્રમો થઈ રહ્યા છે. ત્યારે સાવરકુંડલા તાલુકાનાં જુદા જુદા બુથો (શકિત કેન્દ્રો) ઉપર ખૂબ જ જોર શોરથી મીટીંગો અને જાહેર સભાઓ થઈ રહ્યા છે. ત્યારે અમરેલી લોકસભા ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાની ખાસ ઉપસ્થિતિમાં અને પ્રદેશ ભાજપ મંત્રી સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલા ધ્વારા કેન્દ્રની મોદી સરકાર અને રાજયની ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર ધ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાની જાણકારી આપી તેમજ આગામી ૨૦૪૭માં ભારત દેશ વિકસીત બને તેના મુદાઓ વિશે સમજણ આપી આ સાથે સાવરકુંડલા તાલુકાના અમૃતવેલ, ભુવા, મોલડી, ખાલપર, જુનાસાવર, કેરાળા, વંડા, મેકડા, પીઠવડી, સેંજળ, ધોબા, મોટા ભમોદ્રા, પાટી, શેલણા, ફીફાદ, હિપાવડલી, પીપરડી, આંબરડી, જાબાળ તેમજ સાવરકુંડલા શહેરના વોર્ડ નં. ૭, ૮, ૯ના શકિત કેન્દ્રો ઉપર ખૂબ જ મોટી સંખ્યામાં જનતા જજનાર્દનની ઉપસ્થિતિ જોવા મળી હતી. આ ''મોદી પરિવાર સભા''માં ઉમેદવાર સુતરીયાએ તેમના ભાષણમાં જણાવ્યું હતું કે, હું ભાષણ ઓછું કરૂ છું અને કામ જાજુ કરૂ છું, ખેડૂતનો દિકરો છું, સંસદમાં ખેડૂતનો અવાજ બનીશ. આ સાથે ધારાસભ્ય કસવાલા ધ્વારા છેલ્લા ટૂંક સમયમાં સરકારમાંથી અઢળક ગ્રાન્ટો સાવરકુંડલાના વિકાસ માટે લાવ્યા તેની માહિતી આપી અને જેમ વિરોધી દળોએ આપણા નરેન્દ્ર મોદી ઉપર પરિવારને લઈને પ્રશ્ન ઉઠાવેલ તેમને વળતો જવાબ આપવા આપણે દરેક નરેન્દ્ર મોદીનાં પરિવાર છીએ અને ૪૦૦થી વધારે સીટો લાવવા પ્રચંડ જન સમર્થનને સંબોધન કર્યુ હતું.

આ મોદી પરિવાર સભામાં સાવરકુંડલા મંડલનાં વિસતાર શૈલેન્દ્રસિંહ જાડેજા, માર્કેટ યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણી, અમરેલી જિલ્લાના સંયોજક પુનાભાઈ ગજેરા, તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, લલીતભાઈ બાળધા, તાલુકા યુવા ભાજપ પ્રમુખ મહેશભાઈ ભાલાળા, મનુભાઈ ડાવરા, જિલ્લા પંચાયત સદસ્ય રાણાભાઈ રાદડીયા, તાલુકા ભાજપ મહામંત્રી ચેતનભાઈ માલાણી, નિતીનભાઈ નગદીયા, સંજયભાઈ બરવાળીયા સહિતનાં કાર્યકર્તાઓ, સરપંચો, ગ્રામ પંચાયતના સભ્યો તથા બહેનોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ જોવા મળી હતી તેમ તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરિયાની યાદીમાં જણાવાયું છે.

**સર્વોદય સોસાયટી-અમરેલી સહિત જિલ્લાનાં દરેક શહેરો અને ગામોમાં**

# અમરેલી જિલ્લામાં આજે બંધારણનાં ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મજયંતીની થશે ઉજવણી

**રેલી, વકતૃત્વ સ્પર્ધા સહિતનાં અનેક કાર્યક્રમોનું આયોજન**

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાં આવતીકાલ રવિવારે ભારતનાં બંધારણનાં ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મ જયંતીની ભવ્યાતિભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે.



અમરેલી ખાતે સર્વોદય સોસાયટી, ચિતલરોડ ખાતે સાંજે ૫ કલાકે વકતૃત્વ સ્પર્ધા અને સવારે ૮ કલાકે મહારેલીનું આયોજન કરવામાં આવેલ છે તો રાત્રિનાં ૮-૩૦ કલાકે આંબેડકર હોલ ખાતે ભીમ ભજન યોજાશે.

અમરેલી ઉપરાંત સાવરકુંડલા, રાજુલા, જાફરાબાદ, લાઠી, લીલીયા, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, વડિયા, કુંકાવાવ, બગસરા સહિતનાં શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં ડો. બાબાસાહેબની જન્મજયંતીની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવશે.

## અમરેલી લોકસભા બેઠકનાં ભાજપનાં ડમી ઉમેદવાર તરીકે સાવલીયા કે હિરપરા ?





અમરેલી, તા. ૧૩

અમરેલી લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનાં ડમી ઉમેદવાર તરીકે અશ્વિન સાવલિયા અથવા તો હિરેન હિરપરાનું ઉમેદવારપત્રક રજૂ કરશે તેવું જાણવા મળેલ છે.


પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

Hero
go BIG go XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

હવે કોઈપણ A.C. ની ખરીદી પર મેળવો...
Rs.5000/-* CASHBACK
0% ફાઈનાન્સ
Symphony
BLUE STAR DAIKIN HITACHI GENERAL IFB Cruise VOLTAS Whirlpool LG BPL
દરેક સ્ટાન્ડર્ડ કંપનીના A.C. અને Air Cooler ની વિશાળ રેન્જ...
યોગી ઈલેકટ્રોનિક્સ
શોપ નં.૮, સુધરાઈ શોપીંગ સેન્ટર, રાજકમલ ચોક, અમરેલી. Mo.78020 42200 / 94267 61717

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

YAMAHA RACING
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
lord of the streets
NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch | Light Weight 135kg | 3D Emblem | Durable 149cc fuel injection Engine | Two-level Single Piece Seat
* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ
ખમણ હાજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
માર્ચ ધમાકા ઓફર
લીમીટેડ સ્ટોક ઉપલબ્ધ....
૨૦૨૩ ના મોડલ પર ભવ્ય ધમાકા ઓફર..
CELERIO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

HONDA
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
કેશ ડિસ્કાઉન્ટ ₹5000/-*
ઓછુ ડાઉનપેમેન્ટ ₹5999/-*
દમદાર માઈલેજ | શાનદાર સ્ટાઈલ
મજેદાર કમ્ફર્ટ | વ્યાજબી ભાવ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી.

**પ્રકરણ-૧૮૦**

**ફિલ્મી સફર ..એક ઈતિહાસ ....પ્રકરણ ..૧૮૦**

**મુહાબત કી ઝૂઠી કહાની પે રોયે.**
**બડી ચોટ ખાઈ જવાની પે રોયે**
**ઝીદાબાદ. ઝિંદાબાદ.**
**એ..મૂહહબત.. ઝિંદાબાદ..**

**પ્રિય વાચક મિત્રો,**

આ સપ્તાહમાં ભગવાન શ્રી રામનો જન્મોત્સવ શ્રી રામ નવમીનો તહેવાર છે, તમામ વાચક મિત્રોને રામ નવમીની હાર્દિક શુભકામનાઓ સાથે અને આજે ભારતીય બંધારણના ઘડવૈયા શ્રી બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિની શુભ કામનાઓ સાથે, ૧૯૬૦ના વર્ષની સૌથી સફળ અને ૧૯૬૦ થી ૧૯૭૫ સુધીની સહુ થી વધુ નફો કરનાર ફિલ્મમાં પ્રથમ ક્રમાંકે રેહનાર ફિલ્મ 'મોગલે આઝમ'ની વાત કરી રહ્યા છીએ. આ ફિલ્મ દોઢ કરોડના ખર્ચે બનેલ તે સમયની સૌથી વધુ ખર્ચાળ ફિલ્મ હતી, જે ભારતમાં તે સમયે પાંચ કરોડ ચાલીસ લાખના નફા સાથે પ્રથમ નંબરે રહી હતી, આ પહેલા મધર ઈન્ડિયા ફિલ્મ ત્રણ કરોડ ઉપરના નફા સાથે આજ સુધી એટલે કે ૧૯૬૦ સુધીના સમયમાં પ્રથમ નંબરની ફિલ્મ હતી. પણ મોગલે આઝમ ફિલ્મે તે રેકોર્ડ તોડયો અને ૧૯૭૫ની ફિલ્મ 'શોલે' સુધી અકબંધ રાખ્યો હતો. આ ફિલ્મ આટલી ખર્ચાળ કેમ બની તેની વાત ચાલી રહી છે. તો ચાલો જાણીએ ફિલ્મના





ખર્ચ વિષે.તે સમયે ભારતમાં હજુ બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મો જ બનતી હતી, મોગલે આઝમના શૂટિંગ તો ૧૯૫૦ના અંત થી શરૂ થયું હતું, એટલે ફિલ્મ બ્લેક એન્ડ વ્હાઈટ જ હતી, પણ ૧૯૬૦ આવતા આવતા હિન્દી સિનેમા માં વી શાંતા રામ, સોહરાબ મોદી જેવા નિર્માતા, નિર્દેશકોએ રંગીન ફિલ્મો આપી હતી, અને તેમાં મહદ અંશે સફળ પણ રહ્યા, હતા, કે આસિફે ફિલ્મ માં 'પ્યાર કિયા તો ડરના કયાં' ગીતને ખુબજ મહત્વ આપ્યું હતું, તે ગીત શકીલ બદાયુની એ સૌથી વધુ વાર લખ્યું હતું અને નિર્માતા નિર્દેશક, સંગીત કારે તેમાં સુધારા વધારા કર્યા હતા, આ ફિલ્મ માટે લાહોરના શીશ મહેલમાં શૂટિંગ કરવામાં આવ્યું હતું, મધુબાલા ના પોશાકમાં ખુબજ ખર્ચ કરવામાં આવ્યો હતો, આ ગીત કે આસિફે રંગીન બનાવવાનું નક્કી કર્યુ હતું, તે સમયે રંગીન પ્રિન્ટ કરવામાં ખર્ચ વધુ થતો હતો, પણ કે આસિફે ખર્ચની ચિંતા કર્યા વગર તે ગીતને રંગીન બનાવી, મધુબાલાને સૌ પ્રથમ દર્શકો સમક્ષ તેના અસલી રંગરૂપ સાથે રજૂ કર્યા હતા. આ ગીત લતા જી એ સ્વર બદ્ધ કર્યુ હતું, અને ગીતમાં ઈકો ઈફફેકટ આપવા માટે ખાસ બાથરૂમમાં જયાં અવાઝની અસર ઈકો આવી શકે તે માટે ત્યાં લતા જી પાસે ગીત તૈયાર કરવા માં આવ્યું હતું. આ ગીત ના શૂટિંગ પાછળ આશરે પંદર લાખથી વધુનો ખર્ચ કરાયો હતો, પણ ફિલ્મ પ્રદર્શિત થયા બાદ દર્શકો આ ગીત અને મધુબાલાની સુંદરતાની ઝલક લેવા વારંવાર થિયેટર સુધી આવ્યા હતા. ત્યારબાદ કે આસિફે આ ગીત બાદ ફિલ્મના અંતિમ દ્રશ્યોનું શૂટિંગ પણ રંગીન પ્રિન્ટમાં તૈયાર કર્યુ હતું.તદ્ઉપરાંત ફિલ્મમાં દિલ્હીથી ખાસ પોશાકો કલાકારો માટે તૈયાર કરવામાં આવ્યા હતા, હૈદરાબાદથી ખાસ કારીગરો દ્વારા કલાકારોના આભૂષણો તૈયાર થયા હતા,

## ફિલ્મી સફર
(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

કોલ્હાપુરથી ખાસ તમામ કલાકારો માટે મુકુટની વ્યવસ્થા કરવામાં આવી હતી, રાજસ્થાનના કારીગરો દ્વારા યુદ્ધના દ્રશ્યો માટે ના હથિયારો તૈયાર કરવામાં આવ્યા હતા, તો હિન્દી સિનેમામાં સૌ પ્રથમ વાર લશ્કરના એક હજારથી વધુ જવાનોને ફિલ્મના યુદ્ધના દ્રશ્યો માટે સરકારની ભલામણથી હિન્દી સિનેમાના રૂપેરી પરદે લાવવામાં આવ્યા હતા, યુદ્ધમાં દ્રશ્યો માટે ૪ હજાર ઘોડા અને ૨ હજાર હાથીને પણ રાખવામાં આવ્યા હતા, આમ આ ફિલ્મનું બજેટ દિવસેને દિવસે વધતું જતું હતું, પણ ફિલ્મ પ્રદર્શિત થતાં, દર્શકો ટિકિટ માટે રાત ભર લાઈનમાં ઊભા રહી જતાં હતા, અને ફિલ્મ નિહાળતા હતા, આ ફિલ્મ પચીસ વીક કરતાં વધુ થિયેટરોમાં ચાલી, અને છેક સુધીઆ ફિલ્મમાં દર્શકોની ભીડ રેહતી હતી, અને ફિલ્મ ૧૯૬૦થી ૧૯૭૫ના સમય ગાળાની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ બની જે એક રેકોર્ડ પંદર વર્ષ સુધી અકબંધ રહ્યો હતો. મોગલે આઝમ ફિલ્મના નિર્માતા નિર્દેશક કે આસિફ હતા, કમાલ અમરોહી, અમાન, કે આસિફ, વજાહત મિર્ઝા, એહસાન રીઝવીના સંવાદ અને પટકથા, ઈમ્તિયાઝ અલી ના નાટક અનારકલી પર થી પ્રેરણા, અને આર ડી માથુરની સિનેમા ઓટો ગ્રાફી, ધર્મ વીરનું અડિટિંગ, શકીલ બદાયુની ના ગીતો, નેસાદ સાહેબ નું સંગીત, લતાજી, શમસાદ બેગેમ, રફી સાહેબ, બડે ગુલામ અલી ખાન સાહેબ, ના સ્વર અને દિલિપ કુમાર, મધુબાલા, પૃથ્વી રાજ કપૂર, દુર્ગા ખોટે, અજિત, નીગાર સુલ્તાના, કુમાર, મુરાદ, જિલ્લો બાઈ, એસ નાઝીર, શેલા દલાયા, સુરિન્દર, જહોની વોકર, બેબી તબસુમ, જલાલ આગા, ગોપી કૃષણ, થી અભિનીત રહી હતી, જલાલ આગાની આ પ્રથમ ફિલ્મ હતી જેમાં સલિમ ના તરૂણવયની





ભૂમિકા તેમણે ભજવી હતી. ફિલ્મની કથા એક દંત કથા પર આધારિત છે, જેનું વર્ણન અહી કરવાની મને જરૂર લાગતી નથી, કારણ કે તે સમયના આજ ના વાચક મિત્રો જે સિતેર વર્ષ ઉપર ના તેથી વધુ છે, તેમને ખબર જ છે, ચાલીસ પછીના વાચક મિત્રો એ આ ફિલ્મ નિહાળી ના હોય તેવું કોઈક જ હશે, અને નવી પેઢી પણ આ ફિલ્મ થી વાકેફ છે, ૨૦૦૪માં આ ફિલ્મને સંપૂર્ણ રંગીન કરી પ્રદર્શિત કરવામાં આવી હતી. આ ફિલ્મ હિન્દુ મુસ્લિમ એકતાનું ઉતમ ઉદાહરણ છે, અહી સમ્રાટ અકબરને ભગવાન શ્રી કૃષ્ણ તે ને પારના માં ઝુલાવે છે તેવું જન્માષ્ટમીના તહેવારને દર્શાવ્યું છે, મોહે પનઘટ પે.. ગીત સમ્રાટ અકબરના દરબારમાં ગુંજે છે, મહારાણી જોધા બાઈ, હિન્દુ રિવાઝ મુજબ સમ્રાટ અકબરને યુદ્ધમાં વિદાય અને યુદ્ધ જીતી આવ્યા બાદ સ્વાગત કરે છે, જેવા તમામ પાસા આ ને અહી ચિત્રિત કરવામાં આવ્યા છે, સમ્રાટ અકબરને ન્યાય પ્રિય બનાવેલ છે, તેના જ પુત્રને તેઓ મૃત્યુ દંડ આપતાં અચકાતાં નથી જે તેમનો તટસ્થ ન્યાય જે સામાન્ય પ્રજાથી લઈ શાહી પરિવાર સુધી એક જ છે તે દર્શાવે છે. ફિલ્મ એક ફિલ્મ નથી પણ એક જાજરમાન કળા કૃતિ છે, જે આજે પણ હીદી સિનેમાના ૧૦૦ ફિલ્મો માં સમાવિષ્ટ છે.ફિલ્મના ગીતો શાસ્ત્રીય રાગો પર આધારિત હતા, જેમાં દરબારી. દુર્ગા, રાગનો પ્રયોગ વધુ થયો હતો, ફિલ્મ માટે કુલ વીસ ગીતો તૈયાર કરવા માં આવ્યા હતા, કે. આસિફે તે સમયના શાસ્ત્રીય ગાયક ઉસ્તાદ બડે ગુલામ અલી ખાનને ગીત માટે સંપર્ક કરેલ અને તેમણે પચીસ હજારનું મૂલ્ય માંગેલ, તે સમયે ટોચના ગાયક રફી સાહેબ અને લતાજી માત્ર એક ગીતમાં ૮૦૦ થી ૧૦૦૦નું મૂલ્ય લેતા હતા, ત્યારે પચીસ હજાર ખુબજ વધુ હતા, છતા કે આસિફે તેમની માંગણી મંજૂર રાખી, બે ગીત તેમના સમવાયાં હતા, પ્યાર કિયા તો ડરના કયાં, એ ઉતર પ્રદેશના લોક ગીત, પ્રેમ કિયા કયાં ચોરી કી હૈ પર થી લખવામાં આવ્યું હતું, તો ઝિંદાબાદ ગીત માટે રફી સાહેબના કોરસમાં આશરે એક સો જેટલા ગાયકોના સમૂહને જોડવામાં આવ્યો હતો,પણ આ દાવાને આજ સુધી કોઈ સચોટ માન્યતા મળી નથી. ફિલ્મમાં વીસ પૈકી બાર ગીતોને સમવાયાં હતા, પ્રેમ જોગન અને શુભ દિન આયો ગીત ઉસ્તાદ બડે ગુલામ અલી ખાનના સ્વરમાં છે. મોહે પનઘટ મે, પ્યાર કિયા તો.. મોહબત કી ઝૂઠી.. બેકસ કરમ કિજે.., યે દિલ કી લગી, ખુદા નિગહબાન., લતા જી ના સ્વર માં, શમ સાદ બેગમ સાથે લતાજીનું ગીત કવ્વાલી રૂપે. તેરી મહફિલ મે કિસ્મત આજમાં કર હમ ભી દેખેંગે.. અને રફી સાહેબના સ્વર માં. ઝિંદાબાદ ઝિંદાબાદ એ મુહબ્બત ઝિંદાબાદ. યાદગાર ગીતો પૈકી ની યાદી માં છે. ૨૦૦૪ માં ફિલ્મ રંગીન પ્રિન્ટમાં પ્રદર્શિત થઈ ત્યારે ગીતોને ઉતમ કુમાર સંગીત કારના સહયોગથી ડોલ્બી ડિજિટલ માં રૂપાતરીત કરાયા હતા.મુગલે આઝમએ ફિલ્મ સાથે હિન્દી સિનેમાનું એવું ઘરેણું છે, જે અમુલ્ય છે, ભારતમાં જેમ શિલ્પ સ્થાપત્યના એક યુગ થવા છતા તેની ચમક ઓછી થતી નથી, તેનું મૂલ્ય ઓછું થતું નથી, તેમ અછૂત કન્યા, મધર ઈન્ડિયા, મુગલે આઝમ એક ફિલ્મના શિલ્પ જેવા છે, જેમાં આગળ જતાં ફિલ્મો ના નામ ઉમેરતા જશે, અને ભારતીય હિન્દી સિનેમા ના ઈતિહાસ માથી ૧૦૦ ફિલ્મોને સ્થાન આપવામાં આવ્યું છે, જે વિવેચકો દ્વારા ફેરફારને આધીન હોય છે, પણ મુગલે આઝમ અને મધર ઈન્ડિયા આજે પણ ભારતની ૧૦૦ સુવર્ણ હિન્દી સિનેમામાં સ્થાન જાળવી રાખેલ છે.આ સાથે ૧૯૬૦ના વર્ષની ફિલ્મો ની વાત અહી પૂર્ણ થાય છે, આગામી અંક થી ૧૯૬૧ના સમયની સફળ અને સુપર હિટ ફિલ્મો, નવા કલાકારો, સંગીત કારો, નિર્માતા, નિર્દેશકના પરિચય સાથે મળીશું. આભાર.

હિતેશ જોશી

# કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા-જાડાપણૂં (OBESITY)-ભાગ

ભારત દેશ એ આર્યદેશ છે અહીં સંપતિ અને સમ્રાટ કરતાં પણ સંતો અને સાધનાનો મહિમા




અધિક ગવાયો છે. ભારત દેશમાં વિસ્તરેલા જૈન બૌદ્ધ, શીખ આદિ



તમામ ધર્મોએ પુનર્જન્મ, પૂર્વજન્મ આત્મા અને આત્માની અનંત શકિતઓની સ્વીકાર કર્યો છે.

હજારો વર્ષોથી આપણે ત્યાં એક અદભુત શ્રુત પરંપરા ચાલી આવતી હતી. ગુરુ પોતાના શિષ્યને મુખપાઠ જ ગ્રંથદનદ પાઠ આપતા અને શિષ્ય પણ એકવાર સાંભળવા માત્રથી તે પાઠ યાદ કરી લેતા. વર્ષો સુધી જૈનોના ક્રમ પૂર્વો અને વેદો આ જ રીતે શ્રુત પરંપરામાં મુખપાઠ આપતા રહ્યા વર્ષો સુધી ચાલેલી આ પરંપરાનો વર્તમાન કાળમાં વિચાર કરવો પણ ખૂબ જ કઠીન છે. સાથે સાથે અહીં એક વાત વિચારવા યોગ્ય છે કે આત્મામાંથી કેવી ગજબની શકિત પ્રાપ્ત કરાતી હશે કે માત્ર એકવાર સાંભળવાતી અત્યંત કઠીન સૂત્રો પણ યાદ રહી જાય. ઈતિહાસમાં ઘણાં ઠેકાણે આ વતાનો ઉલ્લેખ મળે છે.

પ્રાચીન કાળથી આધ્યાત્મશકિત આ ઈજારો આર્યભૂમિ ભારત દેશ પાસે રહ્યો છે પરંતુ વૈજ્ઞાનિક યુગ આવ્યા પછી તો આધ્યાત્મિક શકિતઓ વગેરેનું એક સમયે અંધશ્રદ્ધા કહેનારા વૈજ્ઞાનિકોને પણ ગજબનું આકર્ષણ જન્મ્યું છે. વર્તમાન એઆઈના યુગમાં વિજ્ઞાન જેમ જેમ સંસ્કૃતિના ઉંડાણમાં જાય છે તેમ તેમ અધ્યાત્મના રહસ્યો સત્યતાની એરણ પર ખરા પડતા જાય છે અને અધ્યાત્મ ક્ષેત્ર એ વિજ્ઞાન માટે આકર્ષણનું કેન્દ્ર બની ચૂકયું છે.

આર્ય સંસ્કૃતિમાં આધ્યાત્મિક સાધનાના લક્ષ્યમાં અને કેન્દ્રમાં આત્મતત્વ રહેલું છે. આત્મતત્વને પ્રાપ્ત કરવાની સાધના કરતો સાધક માર્ગમાં અનેક કસોટીમાંથી પસાર થાય છે તે સાધકને આત્મતત્વની પ્રાપ્તિ થયા પહેલાં અનેક મહાન લબ્ધિઓ પ્રાપ્ત થયા છે.

વૈજ્ઞાનિક માન્યતાનુસારે માનવીનું મન જે કંઈ જૂએ, વાંચે, સાંભળે કે વિચાર તેનો પ્રથમ સંગ્રહ જ્ઞાન મનમાં થાય છે. ત્યાંથી અજ્ઞાત મન કે પછી પ્રજ્ઞા કે ચિંતનથી જૂએલો કે સાંભળેલો પદાર્થ સ્થિર થાય છે. સાધક વ્યકિત જુએલી - વાંચેલી સાંભળેલી અને વિચારેલી વસ્તુને ચિતથી આગળ વધારીને આત્મામાં સ્થિર કરે છે અને જેને અવધાન કહે છે.

સામન્ય માનવી પોતાના જ્ઞાન મન વડે વસ્તુને સાંભળીને યાદ રાખી શકે છે. તેનાથી કંઈક વિશેષ મેઘા શકિત ધરાવતો વ્યકિત ૧૦-૧૫ વસ્તુ યાદ રાખી શકે છે પરંતુ તેનાથી વધુ વસ્તુ રાખવા જાય તો યાદ રાખેલી તે વસ્તુઓના ક્રમ આડો - અવળો થઈ જાય છે પરંતુ આત્મશકિતને પ્રાપ્ત સાધક ધ્યાનના માધ્યમે સભામાંથી અલગ - અલગ ૧૦૦ વ્યકિતઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નો કે બતાવેલ વસ્તુને માત્ર એક વાર સાંભળીને કે જોઈને યાદ રાખે છે અને સભામાંથી પૂછાયેલી ૧૦૦ વસ્તુ ક્રમશ : કહી બતાવે છે. જેને શતાવધાન કહેવાય છે. આત્માની આવી સિદ્ધિ ખૂબ ઓછા સાધકોને પ્રાપ્ત થાય છે.

પૂજય આચાર્ય શ્રી નયચંદ્રસાગરસૂરીજી મહારાજ સાહેબના શિષ્ટરત્ન મહાશતાવધાની પૂજય ગણિવર્ય શ્રી અજીતચંદ્રસાગરજી મહારાજના અત્યારે શતાવધાન, મહાશતાવધાન (૨૦૦ પ્રશ્નો યાદ રાખવા)૫૦૦ અવધાન (૫૦૦

## સહસાવધાન એટલે શું ?



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

વસ્તુને યાદ રાખવી)ના સફળ પ્રયોગ હજારોની મેદની વચ્ચે કર્યા છે. જેની નોંધ વૈશ્વિક સ્તરે લેવાઈ હતી. હવે મુનિશ્રી સહસાવધાન - ૧૦૦૦ અવધાનનો ઐતહાસિક દિલધડક પ્રયોગ કરવા જઈ રહ્યા છે.

સહસ - ૧૦૦૦ અને અવધાન - ધારણ કર્યુ યાદ કરવું. આ કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું યે જેના મુનિશ્રી ક્રમસર યાદ રાખીને કહી બતાવશો.

તા. ૧-૫-૨૦૨૪ના રોજ એનએસસીયુ, વર્લી મુંબઈ ખાતે આ ઐતિહાસિક કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું યે જેના સાક્ષી બનવા અનેક ન્યુરોલોજિસ્ટ, ડોકટર, સાયન્ટિસ્ટ વગેરે પ્રબુદ્ધજીવીઓ તલપાપડ છે.

**કાર્યક્રમની વિશેષતા**

પ્રાપ્ત થતાં ઈતિહાસ મુજબ ૬૩૦ વર્ષ પહેલાં સંતકરં સ્ત્રોતના રચયિતા પૂજય આચાર્ય શ્રી મુનિસુંદરસૂરીજી મહારાજાએ રાજાના દરબારમાં ૧૦૦૦ અવધાનનો સફળ પ્રયોગ કર્યો હતો અને ત્યારબાદ આજ સુધી આટલા વર્ષોમાં કોઈએ આવો કાર્યક્રમ કર્યો હોય તેનો ઉલ્લેખ મળતો નથી. ૧૦૦૦ અવધાનના ઐતહાસિક કાર્યક્રમમાં ઘણા બધા પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવશે તેમાં ગણિતના અટપટા પ્રશ્નો પૂછવામાં આવશે જેના જવાબ મુનિશ્રી ઘડીભરમાં આપી દેશે. અવધાનનો એક પ્રકાર છે સંયુકત અવધાન. જેમાં મુનિશ્રીની આજુબાજુ એકસાથે ૧૫ પ્રકિયાઓ ચાલતી હશે. જેમ કે કોઈક વ્યકિત ગમે ત્યારે ૩ ચિત્રો બતાવશે, કોઈક વ્યકિત ઘંટ વગાડતો હશે, કોઈક મુનિશ્રીને અલગ અલગ સમયે ૩ કોડીનો સ્પર્શ કરાવશે, કોઈક વ્યકિત ગમે ત્યારે ૩ ચિત્રો બતાવશે, કોઈક વ્યકિત એક બાઉલમાંથી લખોટીઓ બીજા બાઉલમાં મૂકશે અને કેટલાંક ગણિતના પ્રશ્નો પણ મુનિશ્રીને આપવામાં આવશે. એક સાથે ચાલતી આટલી બધી પ્રકીયાઓ પર મુનિશ્રી ધ્યાન કેન્દ્રિત કરશે અને જવાબ આપતી વેળાએ ઘંટના કેટલા ડંકા પર કોડીનો સ્પર્શ થયો, કયા ચિત્રો બતાવ્યા હતા, કેટલી લખોટીઓ એકથી બીજા બાઉલમાં ટ્રાન્સફર થઈ, ગણિતના અટપટા પ્રશ્નોના ઉતર વગેરે બધી જ પ્રવૃતિઓની ગણતરી કહેશે. આ સાવધાન વિજ્ઞાન માટે એક પડકાર છે.

**મુનિ શ્રી અજીતચંદ્રસાગરજી મ.સા.નો પરિચય**

આગમોદ્વારક સાગર સમુદાયના વર્ધમાન તપોનિધિ, શિષ્ય શિલ્પી પરમ પૂજય જૈનાચાર્ય શ્રી નયચંદ્રસાગરસુરીજી મહારાજ સાહેબના શિષ્ટરત્ન મહાશતાવધાની ગણિવર્ય શ્રી અજીતચંદ્રસાગરજી મહારાજે માત્ર ૧૨ વર્ષની બાળવયે સંયમ જીવન અંગીકાર કર્યુ. સંસારી અવસ્થામાં ઊંઝાના વતની, કુમુદભાઈ તથા ઈન્દિરાબેનના સુપુત્ર અજયકુમાર દિક્ષા બાદ મુનિશ્રી અજીતચંદ્રસાગરજી મહારાજ બન્યા.

૧૨ વર્ષની વયે દીક્ષા લીધા બાદ તેઓએ ગુરુ મહારાજના સાન્નિધ્યમાં સુંદર અભ્યાસનો પ્રારંભ કર્યો. સંયમ જીવનના પ્રારંભિક તબકકામાં તેઓએ ૩૬૦ ગાથાનું પકિળસૂત્ર માત્ર એક દિવસમાં કંઠસ્થ કર્યુ હતું. સંયમ જીવનપયોગી સૂત્રો કંઠસ્થ કર્યા બાદ તેઓ પ્રભુવીરની વાણી રુપ આગમસુત્રોનું કંઠસ્થીકરણ ચાલુ કર્યુ અને ખૂબ જ ટૂંક સમયમાં તો ૪૫ આગમોમાંથી ૨૩ આગમોના ૨૧ હજારથી વધુ શ્લોકો કંઠસ્થ કર્યા. મુનિશ્રીએ આઠ વર્ષ સુધી અખંડપણે મૌનની સાધના કરી.

માત્ર ૧૯ વર્ષની વયે મુનિશ્રીએ અમદાવાદ ટાઉન હોલ ખાતે ૨૧મી સદીનું સર્વપ્રથમ શવધાન કર્યુ જેમાં સુપ્રસિદ્ધ જાદુગર કે લાલ, રાજયપાલ નવલકિશોર શર્મા, ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી વગેરે પણ મહાનુભાવો આ કાર્યક્રમમાં ઉપસ્થિત હતા.

૪-૩-૨૦૧૨ના દિવસે ષણમુખઆનંદ હોલ મુંબઈ ખાતે મુનિશ્રીએ મહાશતાવધાન (૨૦૦ અવધાન)નો પ્રયોગ કર્યો જેમાં પધશ્રી ડો. સુધીરભાઈ શાહ, પધશ્રી ડો કુમરપાળભાઈ દેસાઈ, ઈસરોના વૈજ્ઞાનિક ડો. નરેન્દ્રભાઈ ભંડારી, મહારાષ્ટ્રના સ્પીકર વગેરે પ્રબુદ્ધ જીવીઓ પણ ઉપસ્થિત હતા. ૧૮ નવેમ્બર ૨૦૧૪ના રોજ એસએસસીયુ, વર્લી, મુંબઈ ખાતે મુનિશ્રીએ ૫૦૦ અવધાનનો ઐતહાસીક સફળ પ્રયોગ કર્યો જેમાં ૭૦૦૦થી વધુ મહાનુભાવો ઉપસ્થિત હતા. ચીફ જસ્ટીસ શ્રી મોહિતભાઈ શાહે મુનિશ્રીની સિદ્ધિથી પ્રભાવીત થઈ અર્ધસહસ્ત્રાવધાનીનું બિરુદ અર્પણ કર્યુ જેની નોંધ ન્યૂર્યોક ટાઈમ્સ, ફ્રાસ, કોરીયા જેવા વૈશ્વિક અખબારોમાં લેવાઈ હતી.

સામાન્ય વ્યકિત એક સેકન્ડમાં ૨-૩ અક્ષર બોલી શકે છે જયારે મુનિશ્રી એક સેકન્ડમાં ૧૮ અક્ષર બોલી શકે છે. મુનિશ્રીની બોલવાની આ ઝડપના કારણો તેમને ગિનિશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં ફાસ્ટેસ ટોકર ઓફ ધ વર્લ્ડ તરીકેનું સ્થાન મળ્યું છે.

મુનિશ્રી બાળકોની સ્મૃતિ શકિત અને સંસ્કાર વૃદ્ધિના ઉમદા લક્ષ્યથી સરસ્વતી સાધના કરાવે છે. માત્ર ૩૬ દિવસની સાધનાથી બાળ કોની સ્મરણશકિતમાં તીવ્ર વિકાસ જોઈ શકાય છે. આ સાધના અનેક ન્યુરોલોજિસ્ટ, ડોકટર, વૈજ્ઞાનિકોએ માન્ય કરી છે.

આજ દિન સુધી ૫૦,૦૦૦થી વધુ વિધાર્થીએ આ સાધનાનો લાભ મેળ વ્યો છે. જેમાંથી કેટલાક આઈએએસ બન્યા છે. કેટલાક યુનિવર્સિટી તથા બોર્ડમાં ટોપ રેન્કર્સ બન્યા છે. મુનિશ્રીએ સરસ્વતી સાધના ઉપર કરેલા રિસર્ચ ના સમાચાર મેકિસકો પહોંચ્યા અને મેકિસકોની ઓઝટેકા યુનિવર્સિટીએ તેમને ડોકટરોની પદવી આપી છે.

હવે આજ મુનિશ્રી સિદ્ધિઓની યશકલગીમાં વધુ એક પીછું ઉમેરવા જઈ રહ્યું છે. મુનિશ્રી ૬૩૦ વર્ષ પછી ૧,૦૦૦ અવધાનનો દિલધડક ઐતહાસિક પ્રયોગ કરવા જઈ રહયા છે. વર્તમાન એસાઈના યુગમાં વ્યકિત જયારે પોતાને ફોન નંબર કે પાસવર્ડ પણ મુશકેલીથી યાદ રાખી શકે છે. ત્યારે આ જેન મુનિશ્રી વગર કોઈ સહાય માત્ર આત્મબળે ૧,૦૦૦ પ્રશ્નો યાદ રાખી શકે છે. આ યુવાપેઢી માટે એક આદર્શ હશે.

# ડો.બાબા સાહેબ આંબેડકર : આશાનું કિરણ : અંધકારમાંથી ઉજાશ

ડો.બાબા સાહેબ આંબેડકરનોજન્મ ૧૪એપ્રિલ ૧૮૯૧ના રોજ મધ્યપ્રદેશમાં મહુની લશ્કરી છાવણીમાં થયો હતો. પિતાનું નામ રામજી માલોજીસકપાલ, માતાનું નામ ભીમાભાઈ હતું. તેચૌદમું સંતાન હતા. એમનું મૂળ વતન મહારાષ્ટ્રમાં આવેલ કોંકણ પ્રદેશના રત્નાગીરી જીલ્લાનું આંબાવડે ગામ હતું. તેઓ આછુત ગણાતી મહાર જ્ઞાતિ માંથી આવતા હતા તેઓનું કુટુંબ કબીર પંથી હતું. તેઓનું નામ ભીમરાવ હતું અને બધા લાડથી "ભીમા" કહીએ બોલાવતા હતા.

આ સમય ગાળામાં અંગ્રેજોનું શાસન હતું જેમાં અછુતોને કોઈ અડકતું નહિ, જાહેર/કુવા તળાવમાંથી પીવાનું પાણી ભરી ના શકાય, મંદિરમાં ના જવાય, જાહેર રસ્તાઓ પર ચાલી ના શકાય નિશાળોમાં ભણવા માટે ના દાખલ કરે, સારા કપડા પહેરી ના શકાય, ગામની બહાર છેવાડે રહેવું પડતું હતું.

ડો. બાબા સાહેબના પિતા નોકરીમાંથી નિવૃત થયા બાદ દાપોલી, સતારા, અને મુંબઈમાં આવી રહ્યા હતા. ડો.આંબેડકરની ઉંમર છ વર્ષની હતી ત્યારે તેમની માતા ભીમાબાઈનું અવસાન થયું હતું,. ડો. આંબેડકરે સતારાની પ્રતાપરાય સ્કુલમાં અભ્યાસ માટે દાખલ થયા હતા ત્યારે તેમને આભડછેટનો કડવો અનુભવ થયેલ જે સમગ્ર જીવનભર આંખની સામે રહ્યા. વર્ગની બહાર બેસી ભણવું પડે, સ્કુલમાં પાણી પી શકાય નહી, કાળા પાટિયા પાસે જઈ દાખલો ગણી ના શકાય, શિક્ષકને પ્રશ્ન ના પૂછી શકાય, બેસવા માટે ઘેરેથી કંતાનનો ટુકડો લઈ જવો પડે, અને ગૃહ કાર્ય દુરથી બતાવવું પડે. આવી યાતનાઓ તેમને વેઠી હતી. શાળામાં એક બ્રાહ્મણ શિક્ષકને બાબા સાહેબ ખુબ વહાલા હતા તેમને ભીમરાવના ગામ પરથી તેમની અટક 'આંબાવડેકર' બોલતા તકલીફ પડતી તેથી શિક્ષકે પોતાની અટક 'આંબેડકર' ભીમરાવને આપી દીધી જે કાયમ રહી.

મુંબઈની એલ્ફિન્સ્ટન હાઈસ્કુલમાં ૧૯૦૭ માં બાબાસાહેબ મેટ્રિક થયા. ગરીબાઈને લીધે વધુ અભ્યાસ શકય ન હતો પરંતુ કૃષ્ણાજી કેળુસકર દ્વારા વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ પાસેથી શિષ્યવૃતિ મેળવી આપી એ રીતે આંબેડકર ૧૯૧૨માં ગ્રેજયુએટ થયા. ઈ.સ. ૧૯૦૬માં આંબેડકરના લગ્ન નવ વર્ષની રમાબાઈ સાથે થયા હતા અને સ્નાતક થયા ત્યારે તેઓ એક બાળકના પિતા હતા. ગ્રેજયુએટ થઈને એમને વડોદરા રાજયમાં નોકરી સ્વીકારી પરંતુ તેમને કયાંય મકાન ના મળ્યું, ના ખાવા પીવાની વ્યવસ્થા થઈ શકી, દસેક દિવસ વીત્યા હશે ત્યાં તેમના પિતાના મૃત્યુના ખબર મળતા તેઓ મુંબઈ પરત આવ્યા. સયાજીરાવની મદદ થી ૧૯૧૩ માં અમેરિકાની કોલમ્બિયા યુનિવર્સીટીમાં એડમીશન લીધું જયાં એકપ્રબંધ લખી એમ.એ. થયા. ૧૯૧૬માં મેં માસમાં કોલમ્બિયા યુનિવર્સીટી માંથી તેઓ પી.એચ.ડી. થયા. ત્યાર બાદ લંડનમાં ' લંડન સ્કુલ ઓફ ઈકોનોમિકસ એન્ડ પોલીટીકલ સાયન્સમાં તેમજ કાયદા શાસ્ત્રના અભ્યાસ માટે 'ગ્રેઝ ઈન'માં પ્રવેશ મેળવ્યો. પરંતુ વડોદરા રાજયની આર્થીક સહાયની મુદત પૂરી થતા બેરિસ્ટરનો અભ્યાસ અધુરો છોડી ૧૯૧૭માં મુંબઈ પરત આવ્યા. વડોદરા રાજયની શિષ્યવૃતિની શરત મુજબ રાજયમાં ' લશ્કરી સચિવ' તરીકે નોકરીમાં જોડાયા. વિશ્વની સુપ્રસિદ્ધ યુનિવર્સીટીઓમાંથી ભણીને ઉચ્ચ ડીગ્રીઓ મેળવી હોવા છતાં તેમનું જન્મે અછૂત હોવાનું આડે આવ્યું. ઓફિસમાં પટ્ટાવાળા માન ના જાળવે, ફાઈલ દુરથી ફેંકે, કચેરીમાં પ્રવેશે તો નીચે પાથરેલી જાજમનો વીટો વાળી લે, પાણીનો ગ્લાસ દુરથી આપે. રહેવા માટે ઘર ના મળ્યું એટલે જાતિ છુપાવી પારસી બનીને એક વીશીમાં રહ્યા પણ તેઓને ખબર પડતા ૨૪ કલાકમાં મકાન ખાલી કરવાનું કહ્યું અને તેમનો માલ સામાન ઘરની બહાર ફેકી દીધો. ડો.આંબેડકર આ દુઃખદ અનુભવ વર્ણવતા લખે છે 'હું આખો દિવસ મકાન માટે ભટકયો, મને કયાંય મકાન ન મળ્યું, મારા કેટલાક હિંદુ, ખ્રિસ્તી, મુસ્લિમ મિત્રોને મળ્યો પરંતુ તેમણે જુદા-જુદા બહાના કાઢ્યા મારી મતિ મૂંઝાઈ ગઈ, મને કશું સુઝતું ન હોતું કે હવે મારે શું કરવું ? માઢું હદય ભરાઈ આવ્યું, એક વૃક્ષ નીચે બેસી ચોધાર આંસુએ રડી પડ્યો અને આમ અપમાનિત થઈને ૨૩ સપ્ટેમ્બર ૧૯૧૭ના દિવસે વડોદરા છોડ્યું .અસ્પૃશય સમાજમાં જન્મને કારણે થયેલ આ અહવેલનાએ ડો. આંબેડકરની જિંદગીની દિશા બદલી નાખી. વડોદરાનો અનુભવ એમના જીવનનું વળાંક બિંદુ બની રહ્યો. જે સમાજમાં જન્મ્યા છે તેના પરના અત્યાચારો, અનાચારો અને શોષણને નાબુદ કરવાના સંઘર્ષના બી વવાયા. ડો.આંબેડકરની મૈત્રી કોલ્હાપુરના રાજા છત્રપતિ શાહુ મહારાજ સાથે થઈ અને



અશ્પૃસ્યોદ્ધારના તેમના કાર્યોમાં જોડાયા અને જાહેર જીવનની શરૂઆત એક દલિત પી.બાલુ. નામના ક્રિકેટરના સન્માન સમારંભમાં રસ લઈ, માનપત્રનો મુસદ્દો ઘડવો તે પ્રથમ જાહેર કાર્ય હતું. આંબેડકરે પોતાના જીવન કાર્યનો આરંભ 'હોમ રૂલ ની માંગણી કરતા ભારતીઓ માટે નીમાયેલા 'મોન્ટેગ્યું-ચેમ્સફર્ડ સુધારા અંગેની સાઉથ બરો સમિતિ સમક્ષ અશ્પૃશ્યોના મતાધિકાર માટેનું આવેદનપત્ર આપીને કર્યો. ૧૯૨૦ માં ડો. આંબેડકરે 'મૂક નાયક નામનું પાક્ષિક શરૂ કર્યુ. ૧૯૨૪ માં બહિષ્કૃત હિતકારિણી સભા ની સ્થાપના કરી. જેનો મુદ્રા લેખ તરીકે 'શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરોનો ત્રીમંત્ર નક્કી કર્યો. ૧૯૨૭ ની ૧૯-૨૦ માર્ચના દિવસે પાણી માટે મહારાષ્ટ્રના કોલાબા જીલ્લાના મહાડ શહેરમાં આવેલ તળાવમાં પાણી માટેનો 'જળ સત્યાગ્રહ માટે વિશાલ સભા ભરી ડો. આંબેડકરની આગેવાની નીચે દલિતો ચવદાર તળાવ માંથી અંજલી પાણી પીને પોતાનો અધિકાર પ્રસ્થાપિત કર્યો. દલિતોના તમામ દુઃખનું મૂળ એવા હિંદુ ધર્મગ્રંથ 'મનુંસ્મુર્તી'નું જાહેરમાં ૨૫ મી ડીસેમ્બર ના દિવસે જાહેરમાં દહન કર્યુ. ૧૯૨૭ માં દલિતોના અધિકારો માટે બીજું મુખ પત્ર 'બહિષ્કૃત ભારત' શરૂ કર્યુ. તેના દ્વારા દલિતોમાં જાગૃતિ આણવાનો પ્રયાસ કર્યો. ૧૯૨૮ માં ડો. આંબેડકર મુંબઈની સરકારી લો કોલેજમાં કાયદાશાસ્ત્રના પ્રોફેસર તરીકે નિમાયા. આ સમયે ભારતને રાજકીય અધિકારો આપવા માટે વિચારણા કરવા સાઈમન કમીશન ભારતમાં આવ્યું બહિષ્કૃત હિતકારિણી સભા દ્વારા ડો. આંબેડકરે દલિતોના અધિકારોની કમીશન સમક્ષ રજુઆતો કરી હતી. ડો.આંબેડકરે ૧૯૩૦ માં નાસિકના કાલારામ મંદિરમાં દલિતોના મંદિર પ્રવેશ માટેનો સત્યાગ્રહ કર્યો જે એક વર્ષ સુધી ચાલ્યો. ઈંગ્લેંડમાં ૧૯૩૦માં બાબા સાહેબ આંબેડકરે પ્રથમ ગોળમેજી પરીષદમાં ભાગ લીધો જેમાં દલિતોના રાજકીય અને સામાજિક તેમજ આર્થિક અધિકારોની માંગણી કરી હતી. લઘુમતીઓના પ્રશ્નો અને બંધારણ સર્જન માટે ૧૯૩૧માં બીજી ગોળમેજી પરીષદમાં ગાંધીજીએ દલિતોને હિંદુઓથી અલગ ગણવાનો સાફ ઈનકાર કર્યો. લઘુમતીઓના પ્રશ્ને અંતિમ નિર્ણય કરવાની સતા બ્રિટીશ વડા પ્રધાનને આપવામાં આવી તે મુજબ રામ્સે મેડોનાલ્ડે જે કોમી ચુકાદો જાહેર કર્યો તેમાં દલિતોને અલગ મતાધિકારનો સ્વીક્ાર કર્યો. આથી ગાંધીજીએ તેમાં વિરોધમાં પુનાની યરવડા જેલમાં તા.૨૦ મી સપ્ટેમ્બર, ૧૯૩૨ના રોજ આમરણ ઉપવાસ શરૂ કર્યા. ગાંધીજીના ઉપવાસને લીધે દેશભરમાં ડો. બાબા સાહેબ આંબેડકર વિરૂધ્ધ વાતાવરણ ઉભું થયું. દલિતોની વસ્તીઓ બાળી નાખવાની ધમકીઓ મળી. દલીતીઓના હિતોને ધ્યાનમાં રાખીને અને ગાંધીજીની જિંદગી બચવવા માટે બાબાસાહેબે પોતાના જીવનભરના સંઘર્ષના પરિણામે મળેલા દલિતોના અધિકારો જતા કરવા પડેલા અને માત્ર અનામત બેઠકોથી સંતોષ માનવો પડ્યો. આ સમજુતીને પુના કરાર તરીકે ઓળખવામાં આવે છે.

ડો.બાબા સાહેબ આંબેડકરે શિક્ષણ માટે કોલેજ અને છાત્રાલયો શરૂ કાર્ય હતા અને વિદેશ વધુ અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની વ્યવસ્થા કરેલ હતી.

ડો.બાબા સાહેબ આંબેડકરના વડપણ નીચે બંધારણ ઘડવા માટેની સાત સભ્યોની 'મુસદ્દા સમિતિ' બનેલ જેને ૨ વર્ષ ૧૧ માસ અને ૧૮ દિવસમાં બંધારણ ઘડ્યું હતું. બંધારણમાં દરેક નાગરિકોને મૂળભૂત અધિકારો જેવા કે સમાનતા, સ્વતંત્રતા, શોષણ વિરૂધ્ધના અધિકારો, સાંકૃતિક અને શૈક્ષણિક, અશ્પૃશ્તા નાબુદી, ભેદભાવ પર પ્રતિબંધ, પોતાની મરજી મુજબ ધર્મ પાળવાનો, અને જીવન જીવાવના અધિકારો અને સામજિક, આર્થીક અને રાજકીય આઝાદી આપેલ છે. રાજયનીતીના માર્ગદર્શક સિદ્ધાંતો આપેલ છે. લોકોના હાથમાં સતા આપેલ છે જે પંચાયતો થી લઈને સંસદ સુધી જોઈ શકાય છે. ૨૬ નવેમ્બેર ૧૯૪૯માં બંધારણ સભાએ આ બંધારણો સ્વીકાર કર્યો અને ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ ના દિવસે બંધારણનો અમલ શરૂ થયો. આ દિવસથી દેશ પ્રજાસતાક બન્યો. દલિતો, આદિવાસીઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે બંધારણમાં ખાસ શિક્ષણ, નોકરીઓમાં અને રાજકીય રીતે અનામતની જોગવાઈઓ કરેલ છે. આઝાદ ભારતના પ્રથમ કાયદા, અને શ્રમ પ્રધાન તેઓ બનાયા હતા. મજૂરો મહિલાઓના અધિકારો માટે ના ઘણા કાયદાઓ બનાવ્યા હતા. તેઓ એ મહિલાઓના અધિકારો માટે ' હિદુ કોડ બીલ' ના મુદ્દે પ્રધાન મંડળમાંથી રાજીનામું આપ્યું હતું. અસ્પૃશ્યતા નાબુદી અને જાતિવિહીન સમાજની રચના માટે તેઓ જીવનભર લડ્યા અને તેમને હિંદુ ધર્મમાં રહેલ વર્ણ વ્યવસ્થા સામે, જાતિને દલિતો અને બીજા પછાત વર્ગો સાથે થતા ભેદભાવના મુદ્દે તેમણે બંડ પોકાર્યુ અને ૧૪ ઓકટોબર ૧૯૫૬ ના દિવસે ૫ લાખ લોકોની હાજરીમાં બોદ્ધ ધર્મ અપનાવ્યો. ૬ થી ડિસેમ્બર ૧૯૫૬ ના રોજ તેઓએ દિલ્હીમાં દેહનો ત્યાગ કર્યો હતો તેનું પાર્થિવ શરીર મુંબઈમાં લાવવામાં આવેલ અને ચેતન્યભૂમિમાં તેમનો અંતિમસંસ્કાર કરાયો હતો. ૧૯૯૦ માં ડો. બાબા સાહેબ આંબેડકરને ભારત સરકાર દ્વારા 'ભારત રત્ન' થી સન્માનીત કર્યા હતા. આજે દેશ બાબા સાહેબની ૧૨૫ મી જન્મ જયંતી ઉજવી રહ્યો છે.જયાં સુધી માનવજાતના ઈતિહાસમાં ગેર બરાબરી, જાતિ પ્રથા, ગરીબો પર અત્યાચાર, અનાચાર, શોષણ, અને દમન હશે અને તેની સામેનો સંઘર્ષ ચાલુ રહેશે ત્યાં સુધી ડો.બાબા સાહેબનું નામ અમર રહેશે. બાબા સાહેબના એક સાથી શિવરાજે એમના નિર્વાણ વખતે કહેલ કે "જીવતા આંબેડકર કરતા મૃત્યુ પામેલા આંબેડકર અધિક બળવાન છે. જે વાત આજે દેશભરમાં જાગૃત થતી દલિત ચેતનાના સંદર્ભમાં સંપૂર્ણ સાચી છે. ભારત રત્ન, વિશ્વ વિભૂતિ, દલિતો શોષિતો, પીડિતોના મસીહા, પ્રકાંડ પંડિત, જીવનભર દલિતો અને શોષિતોના અધિકારો માટે સંઘર્ષ કરનાર, અને ભારત બંધારણના ઘડવૈયા એવા ડો.બાબા સાહેબને કોટી કોટી વંદન...

**જય ભીમ ......નમો બુપ્રધાય....**

**કાંતિલાલ પરમાર -નવસર્જન ટ્રસ્ટ-અમદાવાદ-ગુજરાત, સંપર્ક-૯૭૨૭૭૪૫૩૮૬**

# રામસંખહિ મિક્ષિ ભરત સપ્રેમા, પૂછહિં કુશલ સુમગલ ક્ષેમા ।


રામ કીન્હ આપન જવહીતે, ભયો ભુવન ભૂષણ તબહીતે ।

રાજા રડી પડયા અને કહ્યું, ''હું શી રીતે ઓળખું ?'' નાથ સંપ્રદાયમાં કાનમાં કુંડળ પહેરવાની પદ્ધતિ હોવાથી ભગવાને કહ્યું, ''જિસ ગધેકે કાન ફટે હુયે વહી તુમારે ગુરુજી હૈ.'' આ રીતે ઓળખીને ધીરે ધીરે તે રૂપમાં ગુરુજીને રાજા ભગવાન પાસે લઈ આવ્યા અને ખૂબ જ કરુણતાથી પ્રાર્થના કરી કહ્યું, ''આ રૂપમાં હું શી રીતે ગુરુભકિત કરી શકું ? કૃપા કરી તેમને માનવ દેહ આપો.'' રાજાની પોતાના ગુરુદેવ પ્રત્યે પ્રેમભકિત જોઈ શ્રી પતિતપાવનજી ભગવાને તેમને માનવદેહ પાછો આપતાં કહ્યું, ''અબ ઈસમેં કોઈ શકિત નહી રહેગી.'' થોડો સમય ભગવાન ત્યાં બિરાજયા પછી કાશમીર જતા રહ્યા. અને આજે પણ કુલુની ગુફામાં છે એમ કહેવાય છે.

ગલતાજીમાં આ રીતનું ચિત્ર આજે પણ છે. જયારે ભગવાન કાશમીર જવાના હતા ત્યારે રાજાએ ખૂબ વિનંતી કરી કે અમને કાંઈક સેવા આપો ત્યારે કહ્યું, ''મુઝે તો કુછ નહીં ચાહિયે.'' રાજાએ પોતાની ભાવના દર્શાવતા કહ્યું, 'મારી પેઢી દર પેઢી દર પેઢી આ ધૂણી હું ચાલુ રખાવીશ.'' તે સમયમાં તો કહેવાય છે કે રોજ સવા મણ લાકડા ધૂણીમાં નાખતાં પરંતુ કાલાંતરે આજે ત્યાંના વ્યવસ્થાપક દ્વારા એક પેટેલું છાણું તેમાં રોજ ભસ્મની અંદર દબાવીને મૂકાય છે એટલે અખંડ અગ્નિ છે. આજે પણ તે અખંડ ધૂણીની ઓળખાય છે. ભાવિકજનો તે ભસ્મ લઈ જાય છે કારણ ભગવાને સ્વમુખે કહેલું, ''યહ ભવરોગકી ઔષધિ હૈ.''

ત્યાં ગુરુ પરંપરાનું ચિત્ર પણ રાખવામાં આવ્યું છે સીતારામજીથી લઈને રામાનંદ સંપ્રદાયની ગુરુ પરંપરામાં

## અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)

સંપાદક : મહેન્દ્ર સી. જોષી
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



જગદગુરુ રામાનંદાચાર્યજીના શિષ્ય અનંતાનંદાચાર્યજીને બતાવ્યા છે અને તેમના શ્રી પતિતપાવનજી ભગવાનનું નામ શ્રી કૃષ્ણદાસજી મહારાજજી છે પરંતુ નિત્ય દૂધનો જ આહાર લેતા હોવાથી પયાહારી બાબાજીથી ઓળખાય છે અને મારા ભગવાન સદૈવ મેરે પતિતપાવન ભગવાન અથવા તો મેરે શ્રીચરણ સંબોધન કરતા રહ્યા કારણ મર્યાદા પ્રમાણે સદગુરુદેવનું નામ ન લેવાય.

શ્રી પતિતપાવનજી ભગવાનને ત્રણ શિષ્યો, અગ્રદાસજી, કીલજી મહારાજ અને ભગવાન તે ચિત્રમાં બિરાજે છે. અગ્રદાસજી તેમજ કીલજી મહારાજે રેવાસા અને ગલતાજીની ગાદી સ્વીકારી અને ભગવાન પરિભ્રમણમાં નીકળી ગયા. આથી વિશેષ માહિતી મને નથી. બાકી તો ગલતાજીનો ઈતિહાસ આથી વિશેષ પણ છે. ત્યાં ગંગાજીની ધારા નિત્ય પ્રવાહિત છે. જેનાથી મોટો કુંડ ભરેલો છે. અનેક ભાવિકજનો જયાં સ્નાનપાન કરે છે આ ઉપરાંત ગાલવ–ઋષિનો પણ ઈતિહાસ છે અને તેમના નામ પરથી સ્થાનનું નામ ગલતાજી પડયું છે. તેઓએ એક સમયે ગંગાજીથી આહૂતિ આપી યજ્ઞ કરેલો તેમ પણ સાંભળ્યું છે.

ગુરુપૂર્ણિમાં જયપુર કરી ત્યારે ભગવાને શ્રી પતિતપાવનજી ભગવાનની આરતી બનાવવાની શરૂ કરેલ પરંતુ પછી આગળ અધૂરી રહી છે.

''જય જયપુરવાસી,
પ્રભુ જય જયપુરવાસી,
સત્ય અનંત અનાદિ,
અખંડ અવિનાશી....જય જયપુરવાસી,

ભગવાને શ્રી પતિતપાવનજી ભગવાન માટે કહેલ કે રાજુલાના નાગર બ્રાહણનું શરીર હતું. આજે જયપુરમાં અમુક મારવાડી લોકો જેઓ શ્રી પતિતપાવજી ભગવાનને માને છે તેઓ દાયમાં બ્રાહણ તરીકે ઓળખે છે. ભગવાને પ્રાગટય દિન મહા સુદ છઠ બતાવી છે. ત્યાંના લોકો બીજી તિથિ માને છે. એ માટે કહ્યું, ''વહ તિથિ ગલત હૈ.'' ભગવાને કહેલું, આ સિવાય પોતે ગલતાજીના ચકકી પીસવાનું પણ કામ કરેલ. ભગવાનના ગુરુબહેન કાવેરી બહેન હતા. તેમને મજાકમાં પોતે કોઈવાર મારતા. એકવાર તેમણે શ્રી પતિતપાવનજીને ફરિયાદ કરી જેની ભગવાનને નિયમ આપેલ કે બહેનોકો સ્પર્શ નહીં કરના.

૬૯ તુમ્હરિ કૃપા તુમહિ રઘુનંદન


થોડા દિવસો બાદ ભગવાનનો પત્ર આવ્યો. આટલા લાંબા સમયથી ભગવાન કયાં બિરાજે છે તે ખબર નહતી.

શ્રી પતિતપાવનજી ભગવાન
શ્રી કૃષ્ણદાસજી (પયાહારી બાબાજી) જયપુર, ગલતાજી
નિત્ય શુદ્ર નિરાભાસ નિરાકારં નિરંજનમ
નિત્ય બોધ ચિદાનંદ ગુરુ બ્રહા નમામ્યહમ.
જય જયપુરવાસી, પ્રભુ જયપુરવાસી
સત્ય અનંત અનાદિ, અખંડ અવિનાશી...જય જયપુરવાસી

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

**'મંગલ મંદિર ખોલો દયામય મંગલ મંદિર ખોલો.'**
**ધોળા ધોળા કાગળમાં મેં (ન.દિવેટીયા)**
**માયાળુ શબ્દો લખ્યા છે**
**વાંચકને મન ભાવે કોઈ,**
**આ કિતાબ ખોલી બેઠો છું.**

જીવનના દરેક પ્રસંગો ઉત્સાહ આનંદથી કરો છો ? ખૂબ ખર્ચ કરો છો... શ્રી સદગુરુ આ વિશે શું કહે છે. તે જોઈએ. ''જો મૃત્યુ અનિવાર્ય હોય તો પછી



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

તેની તૈયારી માટે સમય અને ઉર્જા શા માટે વેડફવા જોઈએ ? જેને તમે મૃત્યુ કહો છો એ તે એક વિશિષ્ટ ઘટના છે. એ તમારા જીવનમાં સૌથી છેલ્લી ક્ષણ છે તમારા જીવનમાં બીજું ઘણું ઘણી વખત થઈ શકે છે. પરંતુ છેલ્લી ક્ષણ ભૌતિક સીમાને પાર કરવાનું તે તમારા જીવનમાં માત્ર એક વખત જ થશે. પ્રવાસમાં તૈયારી કરો છો. પાણીની બોટલ પણ ભૂલતા નથી... મૃત્યુ પછીની સફર સરખામણીએ તમારા જન્મથી મૃત્યુ સુધીની સફર ઘણી ટૂકી છે. દોહવિહીન અવસ્થામાં જીવ જેટલો સમય વિતાવે છે. તેની સરખામણીએ સંદેહ અવસ્થામાં વિતાવેલો સમય ક્ષણને શાલીતનાથી સંભાળી લો તો ઓછામાં ઓછું તમે દેહવિહીન અવસ્થામાં સારી રીતે પસાર થશો. મોટાભાગના લોકો એ ક્ષણે ડર પેદા કરે છે... આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી જોઈએ તો જો મૃત્યુને સમજ હારીથી સંભાળવામાં આવે તો એક રીતે જે ચીજ કદાચ આખા જીવનમાં ન બની હોય તે મૃત્યુની ક્ષણે ઘટિત થઈ શકે છે. છેલ્લી ક્ષણમાં મનની ગાંઠો ખોલવી સરળ બની જાય છે... હું લોકોને કહેતો રહયો છું. કે જયારે હું મરીશ ત્યારે એ સુનિશ્ચિત કરીશ કે કોઈએ મને મારી કબર સુધી ઉચકીને નહિ લઈ જેવા પડે હું મારી કબરમાં ચાલીને જઈશ શું તમે જાણો છો. કે તેમણે વરસો પહેલા પહેલા યોગકેન્દ્રમાં છે. હંમેશાથી અમે ધ્યાનલિંગ પૂર્ણ થયા બાદ ચોકકસ સમયે જવાની યોજના બનાવી હતી. તેથી અમે તે સમાધિ બનાવી હતી. તેથી દરેક વ્યકિતએ તેમના મૃત્યુની તૈયારી કરવી જોઈએ. બ્રાહય રીતે નહિં આંતરીક રીતે પણ... ! (મૃત્યુ **૨ વાંચક મિત્રો...** આપ અત્યારે જિંદગીનો સૌથી મહત્વનો પ્રસંગ વાંચી રહયા છો. આજે જેના લાખો અનુયાયીઓ તેમના એક એક શબ્દ માટે રાહ જોઈ રહયા છે તે શબ્દો જ આપને અહીં વાંચવા મૂકું છું. : ''આદર્શ રીતે હું શીખવાડીશ કે જીવનની દરેક ક્ષણ સુંદર રીતે અને આનંદથી જીવી શકે પછી તે કુદરતી રીતે તેઓ શકય તેટલી સારી રીતે મૃત્યુ પામશે. પણ જેમ હું ઘરડો થતો જાઉં છું. એમ મને સમજાય છે કે તેમાં ઘણો વધારે સમય અને મહેનત લાગી રહયા છે. તેથી જો હુ ઓછામાં ઓછુ તેઓ તેમના જીવનની છેલ્લી ક્ષણને સમજદારી પૂર્વક સંભાળી શકે. મારી ઈચ્છા છે કે કોઈ કારણથી જો કે લોકો આનંદપૂર્વક જીવી ન શકયા હોય તો ઓછામાં ઓછું તેઓ સારી રીતે મૃત્યુ પામવા જોઈએ. કોઈ આ કોઈ આ દિશામાં પ્રયત્ન કરે તો તેનાથી ઘણું શકય છે. આ સંભાવના માત્ર સિધ્ધ યોગીઓને જ ઉપલબ્ધ નથી પરંતુ એવી કોઈ પણ સમજદાર વ્યકિતને પણ ઉપલબ્ધ છે.'' ''આધ્યાત્મીક પથ પર ચાલતા લોકો હંમેશા એક ડગલું વધારે આગળ જઈને તેમની મૃત્યુનો સમય તારીખ અને સ્થળ પસંદ કરતા હોય છે. તેમણે પોતાની અંદર જરૂરી જાગરૂકતા વિકસીત કરી હોય છે. જેથી સમય આવે ત્યારે તેઓ જીવન ઉર્જાને એકત્રિત કરીને જાગરૂક રીતે શરીર છોડી શકે છે. જાગરૂક રીતે આ શરીરને નુકસાન પહોંચાડયા વિના છોડીને એવી રીતે ચાલ્યા જવું જેમ તમે તમારા કપડાં ઉતારો છો, તે તમારા જીવનની પરમ સંભાવના છે. જો તમારી જાગરૂકતા એ સ્તરે પહોંચી જાય કે તમે જાણી લો કે એક જીવ તરીકે તમે અને આ ભૌતિક શરીર જે તમે એકઠું કર્યુ છે તે કયાં જોડાયેલા હોય છે. જે ક્ષણ તમારા માટે યોગ્ય હોય ત્યારે તમે પોતાને સરળતાથી તેમાંથી અલગ કરી શકો છો. જયારે અમે મૃત્યુની તૈયારી વિશે વાત કરતા હોય ત્યારે લોકો પૂછે છે 'જો મૃત્યુ અચાનક થાય તો ? આવી વ્યકિત સારી રીતે કેમ મરી શકે ?' હવે પછી આગળની વાતમાં આ પ્રશ્નનો ઉતર સદગુરુ જગ્ગી વાસુદેવના શબ્દોમાં વાંચીશુ. અપૂર્ણ (પૃ.૧૨૯) –ધીરજ વ્યાસ

### રામોદમાં કુરિવાજોને ફગાવી ઐતિહાસિક લગ્ન સમારોહ યોજાશે

# સ્મશાનમાં વરરાજાનો ઉતારો, ભૂત-પ્રેતનું સરઘસ, કાળી સાડી, ઉંધા ફેરા, કુરિવાજોને તિલાંજલિ અપાશે

### બૌધ્ધ સાથે વિજ્ઞાન જાથા વિચારધારાને અનુલક્ષીને લગ્ન સમારોહ યોજાશે

રાજકોટ, તા. ૧૩

રાજકોટ : કોટડા સાંગાણી તાલુકાના, રામોદ ગામમાં રામનવમી બુધવારે મનસુખ ગોંવિદભાઈ રાઠોડ પરિવારે સદીઓથી ચાલી આવતી માન્યતા–પરંપરાને કોરાણે રાખીને સ્મશાનમાં વરરાજા પરિવારને ઉતારો આપી, કુરિવાજોને તિલાજંલિ આપવાનો ઐતહાસિક લગ્ન સમારોહ યોજાવાનો છે તેમાં કન્યા પક્ષના મોભીઓ કાળા વેશ પરિધાનમાં જાનૈયાનું સ્વાગત કરી ઉતારો આપશે. બૌધ્ધ સાથે વિજ્ઞાન જાથાની વિચારધારાને અનુલક્ષીને લગ્ન સમારોહ રાખવામાં આવ્યો છે. રામોદમાં જાન કમર કોટડા નિવાસી મુકેશભાઈ નાજાભાઈ સરવૈયા પરિવારની આવવાની છે. જયેશ વરરાજાનું સ્વાગત રામોદની કન્યા પાયલ કાળી સાડીના વેશ પરિધાનમાં ભૂત – પ્રેતના સરઘસ સાથે કરશે. સામૈયામાં અશુભને તિલાંજલિ આપી નવતર કાર્યક્રમ યોજાવાનો છે. વર–કન્યાની લગ્ન વિધી બૌધ્ધ અને વિજ્ઞાન જાથાની વિચારધારને અનુરૂપ યોજાશે. મુર્હુત–ચોઘડીયાને ફગાવી ઊંધા ફેરા રાખી બંધારણના સોગંદ બોલી શપથ ગ્રહણ કરશે. જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે બુધવાર તા. ૧૭મી એ જાથાની ટીમ રામોદ ગામમાં સવારે ૮ કલાકે પહોંચી ઐતિહાસિક લગ્ન સમારોહનું સંચાલન કરશે. પ્રારંભમાં સવારે ૯ થી દસ એક કલાક સુધી સદીઓ જુની માન્યતાને ખંડન કરી સામૈયું, સ્મશાનમાં ઉતારો સાથે વર્ષો જુની માન્યતાને ફગાવવામાં આવશે. સમજણ પૂર્વકનો લગ્ન સમારોહ સાથે અંધશ્રદ્ધાને નેસ્તનાબુદ કરવામાં આવશે. કન્યા પાયલ અને વરરાજા જયેશને લગ્નનું હાર્દ સમજાવી વૈજ્ઞાનિક મિજાજ કેળવવા સંબંધી હકિકત મુકવામાં આવશે. કાળી વસ્તુ, કાળું વસ્ત્ર જ જે અશુભ માનવામાં આવે છે તે છિન્ન મનોવૃતિ છે, હકિકત નથી. દ્રઢ મનોબળ કેળવાય તે સંબંધી આયોજન રાખવામાં આવ્યું છે. મુહુર્ત–ચોઘડીયા માનવીએ બનાવેલ છે, કુદરત–પ્રાકૃતિક નિયમ સામે કશી લેવા દેવા નથી લગ્ન સમારોહ આદર્શ દાંપત્ય જીવન સાથે દ્રઢ મનોબળ કેળવાય સાથે લગ્નવિધિ સાચી હકિકત–તર્કદ્રષ્ટિ મુકવાનો કાર્યક્રમ છે. દેશમાં સૌને માનવા – ન માનવાનો બંધારણે અધિકાર આપ્યો છે. તે મુજબ સમગ્ર આયોજન કરવાના છીએ. આ લગ્ન સમારોહને સફળ બનાવવા ગોંવિદભાઈ દાનાભાઈ, પ્રવિણભાઈ રાઠોડ, બાબુભાઈ રાઠોડ, મનસુખભાઈ ગોંવિદભાઈ, સુરેશભાઈ ગોંવિદભાઈ, જેન્તિભાઈ રાઠોડ, અંકિત મનસુખભાઈ અને હિરેન સુરેશભાઈ સહિત ગામના જાગૃતો અને મિત્ર મંડળ, જાથાના સદસ્યો જોડાવાના છે.

અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ 100% કોમર્સ
ધોરણ ૧૧-૧૨ કોમર્સ (ગુજરાતી માધ્યમ)
શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ :
■ દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ
■ ધોરણ ૧૧/૧૨ માં દરેક વિષયનું ૯૦૦ માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ
■ છેલ્લા ૧૬ વર્ષના બોર્ડનાં પેપરોનું સોલ્યુશન તથા ડેઈલી ટેસ્ટ, વિકલી ટેસ્ટ, રીપીટેડલી ટેસ્ટ
અમરેલી જીલ્લામાં સૌપ્રથમ સ્માર્ટ બોર્ડ દ્વારા ડિજિટલ એજ્યુકેશન આપતી એકમાત્ર કોમર્સ સ્કૂલ

| ધો. ૧૦ P.R. આધારીત સ્કોલરશીપ | |
|---|---|
| ધો. ૧૦ P.R. | ફી માફી |
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R. સુધી | 20% |
| 85 થી 90 P.R. સુધી | 15% |
| 65 થી 85 P.R. સુધી | 10% |
| 50 થી 65 P.R. સુધી | 05% |

ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા...
બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ...
સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિઝીટ લેકચર...
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે.
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા...
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો...
નિકુંજ ગઢવાલા ૯૧૦૬૬ ૩૪૪૨૬ | ભરત સાવલીયા ૯૯૭૯૪ ૪૯૬૪૯ | લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણ નગર, અમરેલી.

# સમજણ એ જ નારાયણ

## પરમાત્માને પત્ર

### પરમપૂજય પરમકૃપાળુ પરમાત્મા સાદર પ્રણામ... વંદન... મજામાં હશો / છું (? !)

પ્રાર્થના જ આપનો મોબઈલ નંબર છે. પણ એ વ્યસ્ત આવતો હોવાથી આ પત્ર લખેલ છે. બાપ ! આજે પત્ર લખવાનું કારણ એ છે કે તમે બહુ મોટી આશા અને વિશ્વાસ સાથે સર્જેલી માનવજાત અને તેના જ કર્મોના હિસાબો સમગ્ર જગતમાં અને સીસ્ટમમાં વ્યવહાર જગતમાં હવે બહુ મોટાં ફેરફાર થવા લાગ્યા છે, છેલ્લાં થોડા વર્ષોથી તો બહુ મોટું પરિવર્તન જ થઈ રહ્યું છે.. જે સ્પષ્ટ દેખાય છે. અને તેની માઠી અસરો પણ અનુભવાય છે. !

આપનું જ શ્રેષ્ઠ સર્જન એવી માનવજાતમાંથી એવરેજ માણસોમાંથી હવે માણસાઈ જ આંગળવા લાગી છે !! ધીમે – ધીમે માનવમૂલ્યે સંસ્કાર મર્યાદાઓનાં માપદંડોનો હ્રાસ થવા લાગ્યો છે. તેથી જ માણસમાંથી નીતિમતા સમાજકલ્યાણભાવ, પરોપકારવૃતિ, નિયમિતતા, નિખાલસતા, પારદર્શક હવે ઓસરવા લાગી છે !! સમાજમાંથી સંવેદનશીલતા વિસ્મય કરુણા, ત્રુજુતા, ભીતરની, ભીનાશ અને



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

ઉજાસ પુરૂષાર્થવૃતિ, માન–મર્યાદા અને શંહ–શરમ જાણે કે અલોપ થઈ રહ્યા છે. જેથી માણસ ધન્યતા, રમ્યતા, દિવ્યતા, ભવ્યતા, સૌજન્યતા અને પ્રવિત્રતાની અનુભૂતિ જ ગુમાવી રહ્યો છે...!! સમાજમાંથી શાંતિ, સૌહાર્દ શાતા, સંતોષ અને સમાધાનવૃતિનું પંચામૃત ખૂંટવા લાગ્યું હોય તેવું સ્પષ્ટ લાગે છે. !!

આજે માણસ સંવેદનશૂન્ય ભાવશૂન્ય અને યંત્રવત બની રહ્યો છે, તેનું મગજ ખીલી રહ્યું છે. પણ હદય કરમાતુ જાય છે. !! રખતરખાનો યુગ આથમી ચૂકયો છે. માણસ કુદરતથી અળગો થઈ રહ્યો છે, અને તેથી જ હવે તે ઉતાવળો, બેબાકળો, અધીરો, અસહજ આક્રમક ઉદત અને સ્વાર્થી બની રહ્યો છે. તેનું સઘળું, તરત, સરસ, મફત અને મહેનત વગર જ મેળવી લેવું છે... અને તેનાં માટે તે કોઈ પણ હદે જવા તૈયાર થયો છે. પરિણામે માનવતાનું ગળું ભીંસાઈ રહ્યું છે. દેખાદેખીનાં અજગર ભરડાને લીધે ગરીબ ન દેખાવાની લ્હાઈમાં જ લાખો લોકો ખરેખર ગરીબ બની રહ્યા છે. હવે કાંઈને કાંઈને બીકે જ ન હોવાથી કે શરમ ન હોવાથી સમાનમાં એક અજીવા અંજમા વર્તાય છે, સમાજ અનેક ફાંટાઓમાં વહેચાઈ, વિખેરાઈ ગયા છે. માણસે અકુદરતી અને વ્યવહારજીવનશૈલી અપનાવીને જાણે કે કુદરતની સામે જ બાથ ભીડી છે. જેથી નાથ ! તમારી ''બહુરત્ના વસુંધરાની હાલત કફોડી થઈ રહી છે. પરિણામે અનેક કુદરતી આફતો જહો. ફાડીને ઊભી થઈ છે.

તેમ છતાં છતાં સાવ પડ ભરાઈ ગયું હોય સઘળું બગડી ગયું હોય એવું પણ નથી બાપ હજુ તારી અપાર કુપાદષ્ટિતા છે જ. વળી તમારી ધારણા મુજબ જીવનારાં જીવનમૂલ્યોમાં માનનારો વર્ગ પણ મૌજદ જ છે. રણમાં મીઠાં જળનાં વીરડા સમાન આ વર્ગ પોતાનાં સામર્થ્ય મુજબનું યથા શકિત ખિસકોલી કર્મ કર્યા જ કરે છે. પ્રભુ આ વર્ગ હવે લઘુમતીમાં આવી ગયો છે જો જો બાપ આ સાચુકલો માણસોના નાનકડા વર્ગજ સાવ એકલો ન પડી જાય તેની મથામણો અને પ્રયત્નોના કાયમ બળ આપજે વ્હાલા એમને તો ફકત તમારાં જ આધાર અને આશરો છે !!

હું જાણું છું નાથ ''કે કાગળ હરિ લખે તો બને અવર લખે તો એકેય અક્ષર નથી ઉકલતો મને (ર.પા.) પણ આપ તો સર્વરય અને સવેશ્વર છે. વધારે મોડું થઈ જાય અને પૃથ્વીના આ ગાંળો પોતાનું જ બેલેન્સ ગુમાવી દેતે અગાઉ જ સઘળું સમયસર સુપેરે પાર પાડજો નાથ મારો પત્ર તેનાં શબ્દો સંવેદનો અને આપના પ્રત્યેની પ્રીતિથી લખ્યો છે. સૌને સદબુધ્ધિ આપજો. સૌનું કલ્યાણ કરજો એવી ભાવમય પ્રાર્થના સાથે. **આપની ચરણરજ સંતાનના વંદન પ્રણામ**

# સામાજિક સ્વાસ્થ્ય

## અનુભૂતિનાં અક્ષરો



- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ

સ્વાસ્થ્ય એટલે આપણા મતે માત્ર શારીરિક તંદુરસ્તી. શરીરની સ્વસ્થતા એ જ આરોગ્ય એવું આપણું સૌનું માનવું છે. પણ ખરેખર સ્વાસ્થ્ય એટલે માત્ર શરીરની તંદુરસ્તી એ જનહીં.

સૌ પ્રથમ શારીરિક સ્વાસ્થયને જ આપણે આરોગ્ય માનતા હોઈએ તેમ છતાં એના પ્રત્યે પણ આપણે એટલા સભાન કે સજાગ રહેતા નથી. કઈ તકલીફ ન થાય ત્યાં સુધી આપણે આરોગ્યને 'ટેકન ફોર ગ્રાન્ટેડ' લઈએ છીએ અને મુશ્કેલી આવે ત્યારે જાગૃત થઈએ છીએ. પણ છતાં શારીરિક સ્વાસ્થ્યની માવજત માટે દવા અને ડોકટરોની સારવાર સહાયક બને છે. પરંતુ રોગના ઈલાજ કરતાં તેની અટકાયત વધુ સારી. એટલે શારીરિક સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ રહેવા તબીબો આપણા આહાર, વિહારમાં નિયમિતતાનું સૂચન કરે છે.

એ જ રીતે બીજા ક્રમે આવે છે માનસિક સ્વાસ્થ્ય. જો કે આપણે જયારે શારીરિક સ્વસ્થતા પ્રત્યે જ સજાગ નથી તો માનસિક આરોગ્ય પ્રત્યે તો કયાંથી હોવાના ? પણ માનસિક સ્વાસ્થ્ય પરનું જોખમ પણ ખતરારૂપ બની શકે છે.

અને માનસિક સ્વાસ્થ્ય એટલે આપણા ઈમોશન્સ પર હુમલો. ત્યારે આ માનસિક સ્વાસ્થ્ય જો જાળવવું હોય તો આપણી આસપાસના વર્તુળમાં એવા લોકો હોવા જોઈએ જે આપણને વાણી, વર્તન કે વિચારોથી પોઝિટિવ રાખે, હળવાશ આપે. તેના બદલે જે વ્યક્તિ કે સંબંધમાં વારંવાર તમને મુલવવામાં આવે, નીચા બતાવાય, વારંવાર તમારી ભૂલો ગણાવાય, તમારૂ અપમાન થાય, તમારી લાગણીઓની અવગણના થાય ત્યારે માનસિક તાણ જન્મે છે. અને માનસિક સ્વાસ્થ્ય જોખમાય છે. પણ છતાં બદલાતા સમયમાં માનસિક સ્વાસ્થ્ય માટે પણ દવા અને ડોકટરો છે. અને તે વાણી, વિચાર, વર્તનને વ્યવહારના પરિવર્તનથી કાબુમાં લાવી શકાય છે.

પરંતુ વાત જયારે સામાજિક સ્વાસ્થ્યની આવે ત્યારે આપણે બિલકુલ નિસબત નથી ધરાવતા. કેમકે આપણે તો આપણા શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે જ મુસીબત વગર સજાગ થતા નથી. તો પછી સમાજની સ્વસ્થતા વિશે તો કયાંથી સજાગ થવાના ? પણ વાસ્તવિકતા એ છે કે આપણી સામાજિક સ્વસ્થતા પણ ઘણી જોખમાય છે. અને એના માટે કોઈ ડોકટર કે દવાઓ નથી. એને આપણે સૌએ સાથે મળીને જ ફરી સુધારવાની છે. અને આ સામાજિક તંદુરસ્તી માટે તંદુરસ્ત અને તટસ્થ વિચારધારા ધરાવતા સમાજની અતિ આવશ્યકતા છે નીતિમત્તા અને મૂલ્યોના મક્કમ વિચારોની આવશ્યકતા છે. કેળવણીમાં માત્ર બુદ્ધિપ્રતિભા જ નહીં પણ મૂલ્યલક્ષી પ્રતિભા વિકસાવવાની જરૂર છે.

આ સંદર્ભે ગાંધીજીનો એક પ્રસંગ વાંચેલો જે અહીં જોડુ છું.

એક વખત ગાંધીજી પાસે એક શિક્ષક આવ્યા. તેમની સાથે બે વિદ્યાર્થીઓ હતા. જેમાં એક મોટો અને બીજો નાનો દેખાતો હતો. ગાંધીજીએ શિક્ષકને પૂછ્યું, 'આ બે માંથી વધુ બુદ્ધિવાન કોણ છે?'
શિક્ષકે કહ્યું, 'મોટો બાળક.'

ત્યારબાદ ગાંધીજીએ બીજો સવાલ કર્યો, 'અને વધુ ચારિત્ર્યવાન કોણ છે ?'
શિક્ષકે કહ્યું, 'નાનો બાળક'

ત્યારે ગાંધીજી બોલ્યા, તો મારા માટે તો એ જ મોટો છે. કારણ કે મારા મતે બુદ્ધિ કરતાં ચારિત્ર્ય વધુ મહત્વનું છે. કેમકે આ સમાજને બુદ્ધિવાન તો ઘણા મળે છે પણ ચારિત્ર્યવાનની ઉણપ છે.'

આમ ખરેખર સમાજને સ્વસ્થ અને તંદુરસ્ત રાખવો હશે તો આપણે અને આપણું અને આવનારી પેઢીનું માત્ર પ્રજ્ઞાવાન બનવું એ પૂરતું નથી આપણે ચારિત્ર્યવાન પણ બનવું પડશે. પણ આવનારી પેઢીમાં એ ગુણોનું સિંચન કરવા પહેલુ પ્રયાણ પોતે કરવું પડશે. કેમકે 'કુવામાં હોય તો જ અવાડામાં આવે' એ વાત નિશ્ચિત છે.

તો આપણે સૌ આપણા શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે તો સમય આવે સજાગ થઈએ છીએ. પણ સમય રહેતા સામાજિક સ્વાસ્થ્ય પ્રત્યે પણ સજાગ થવું પડશે. બાકી ' અન્યનું તો એક વાંકું આપના અઢાર છે'

આ પંક્તિની જેમ પોતાની જવાબદારી સ્વીકાર્યા વગર, પોતાના દોષ જોયા વગર અન્યની ખામીઓ શોધવાથી કે દોષારોપણ કરવાથી સમાજ તંદુરસ્ત નહીં બને. સાથે મળી આ સમાજની તંદુરસ્તી માટે જવાબદારી લેવી પડશે. અને એ જ સામાજિક સ્વાસ્થ્યની દવા છે. તો સાથે મળી સામાજિક સ્વસ્થતા લાવીએ.

## કેન્દ્રીય મંત્રી રૂપાલાની સામે કોંગ્રેસ પક્ષ પરેશ ધાનાણીને ઉતારે તેવી શકયતા

# અમરેલીનાં બે દિગ્ગજ નેતાઓ રાજકોટની ધરતી પર ટકરાશે ?

અમરેલીની ધરતી પર વર્ષ ૨૦૨૨ માં થયેલ વિધાનસભાની ચૂંટણીમાં બન્ને કદાવર નેતાઓ વચ્ચે જંગ જામેલ

કોંગ્રેસ પક્ષનાં ઉમેદવાર પરેશ ધાનાણીએ માત્ર ૨૯ વર્ષની વયે ભાજપનાં ઉમેદવાર રૂપાલાને પરાજિત કર્યા હતા

રાજકોટનાં ભાજપનાં ઉમેદવારને ભીડવવા માટે કોંગ્રેસ પુનઃ પરેશ ધાનાણીને ઉતારે તો નવાઈ નહી

રાજકારણનાં એપી સેન્ટર ગણાતા અમરેલીનાં નેતાઓ સૌરાષ્ટ્રનાં પાટનગરમાં જમાવટ કરશે તેવી શકયતા

## ૧૦ માર્ચનાં રોજ ''અમરેલી એકસપ્રેસ''માં અહેવાલ પ્રસિધ્ધ થયો હતો

# રાજકોટનાં કોંગ્રેસનાં ઉમેદવાર તરીકે પરેશ ધાનાણીનું નામ જાહેર

આજથી ૩૩ દિવસ પહેલા કોઈપણ કોંગ્રેસીને પણ ખ્યાલ ન હતો ત્યારે 'અમરેલી એકસપ્રેસ'માં અહેવાલ પ્રસિધ્ધ થયો હતો

અમરેલીનાં બે દિગ્ગજ નેતાઓ રાજકોટની ધરતી પર ટકરાશે ? શિર્ષક હેઠળ ૧૦ માર્ચનાં રોજ પેજ–ર માં અહેવાલ પ્રસિધ્ધ થયેલ

રાજકીય પરિસ્થિતિ અંગે જિલ્લાનાં ટોચના નેતાઓ પણ ''અમરેલી એકસપ્રેસ''નાં અનુમાન પર નજર રાખતા હોય છે

ચૂંટણીનાં પરિણામોને લઈને પણ ''અમરેલી એકસપ્રેસ''ની અનેક આગાહી ભુતકાળમાં સચોટ રહી છે

અમરેલી, તા. ૧૩

રાજકોટ લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર સામે કોંગ્રેસ પક્ષે ધાનાણીના નામની આજે સતાવાર જાહેરાત કરતાં "અમરેલી એકસપ્રેસ" માં આ અંગે ૧૦ માર્ચના રોજ પેજ નં.–ર માં આ અંગેની શકયતાઓ દર્શાવવામાં આવી હતી.

અમરેલી જિલ્લાનાં રાજકારણની નાડ પરખ તરીકે "અમરેલી એકસપ્રેસ" પ્રચલીત બન્યું છે જિલ્લાનાં ટોચનાં રાજકીય આગેવાનો





પણ "અમરેલી એકસપ્રેસ"ના રાજકીય વિશ્લેષણો અને અનુમાનને ગંભીરતાથી લઈ રહયા છે. ભુતકાળમાં ચુંટણી પરિણામો અંગે પણ " અમરેલી એકસપ્રેસ"નું તારણ સચોટ રહયું છે.

વર્ષ ૨૦૧૭ માં યોજાયેલ વિધાનસભાની ચુંટણીમાં "અમરેલી એકસપ્રેસ" માં જિલ્લાની તમામ પાંચ બેઠકો ઉપર કોંગ્રેસનાં ઉમેદવારો વિજેતા થશે. તેવો અહેવાલ મત ગણતરીનાં પહેલા પ્રસિધ્ધ થયેલ અને આવુ અનુમાન સમગ્ર દેશમાં એકમાત્ર અમરેલી એકસપ્રેસ દૈનિકનું જ હતું.

આજે રાજકોટ બેઠકનાં કોંગી ઉમેદવાર તરીકે પરેશ ધાનાણીનું નામ જાહેર થયું હોય જે અંગે પણ આજથી ૩૩ દિવસ પહેલા "અમરેલી એકસપ્રેસ"માં પ્રસિધ્ધ થયો હતો ત્યારે કોંગ્રેસ પક્ષ કે રાજકોટનાં કોઈ મતદારને પરેશ ધાનાણી ઉમેદવાર બનશે તે બાબતની કોઈ ખબર હતી નહી.

### આકરી ગરમી વચ્ચે અચાનક વાતાવરણ પલટાયું

## ધારી અને ખાંભાના ગીર વિસ્તારમાં કમોસમી વરસાદથી ખેતી પાકોને નુકસાન

### જગતાત ગણાતા ખેડુતોની પરેશાનીનો કોઈ પાર નથી



અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાંક સમયથી ભારે ગરમી પડી રહી છે ત્યારે હવામાન વિભાગ દ્વારા કમોસમી વરસાદની આગાહી કરવામાં આવેલ જેને લઈ ધારી ગીર અને ખાંભા ગીરના ગામડાઓમાં કમોસમી વરસાદ ખાબકતા ડુંગળી, કેરી તથા ઘંઉના પાકને નુકશાનની ભીતી સેવાઈ રહી છે.

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ગીર પંથકના પાતળા, તરશિંગડા, ગઢીયા ચાવંડમાં આજે જોરદાર પવન અને કરા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ કમોસમી વરસાદથી ગરમીમાં રાહત થવા પામેલ છે.

જયારે ખાંભા તાલુકાના ગીરના ભાણીયા, ધાવડીયા ગામે વરસાદી ઝાપટું પડતાં ડુંગળી અને કેરીના પાકને નુકશાની વ્યાપક ભીતી સેવાઈ રહીછે.

### દિકરાનાં લગ્નની ચિંતાને લઈને પરેશાન

## અમરેલીમાં સરકારી નોકરી કરતાં પ્રૌઢે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

અમરેલી, તા. ૧૩

અમરેલીના સુખ નિવાસ કોલોની સી–૧ માં રહેતા અને સરકારી નોકરી કરતાં મુકેશભાઈ બચુભાઈ બગથળીયા નામનાં પ૧ વર્ષિય આધેડના દિકરા ધવલના લગ્ન સફળ થતું ન હોય. જે બાબતનાં ટેન્શનમાં આવી જઈ મનમાં લાગી આવતા પોતે તા. ૧૨ ના રોજ સવારે ૧૦/૩૦ કલાકે અમરેલી સિવિલ હોસ્પિટલથી બ્લડ બેન્ક જવાના રસ્તે સરકારી જનરલ નર્સિંગ સ્કૂલના નજીકના ગેટ પાસે આવેલ બાંકડા પાસે બેઠાં હતા. ત્યાં પોતાની મેળે કોઈ ઝેરી દવાનો ટીકડો પાણી સાથે ભેળવી પોતાની સરકારી નોકરીના ફરજના સ્થળે પી જતા સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


### એસપીની સુચનાથી સીટી પોલીસની કામગીરી

## અમરેલીમાં હત્યાની કોશિષ અને એટ્રોસીટીનાં ગુન્હામાં આરોપી ઝડપાયો

### આરોપી ગોવિંદભાઈ પરમાર વિરૂધ્ધ કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૧૩

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહે જીલ્લામાં બનતા શરીર સબંધીત ગુન્હાઓના આરોપીઓને સત્વરે પકડી પાડવાં તેમજ જરૂરી કાર્યવાહી કરવા સુચના આપેલ હોય. જે અનુસંધાને અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા સુચના તથા માર્ગદર્શન આપવામાં આપેલ હોય. જે અન્વયે અમરેલી સીટી પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાની



રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા અમરેલી સીટી પોલીસ સ્ટેશનના આઈ.પી.સી. કલમ ૩૦૭, ૩૨૬, ૩૪૧, ૩૫૪ તથા એટ્રોસીટી એકટ કલમ–૩(ર)પ, ૩(ર)(પ–અ) ના ગુન્હાના કામના આરોપી ગોવિંદભાઈ વેલશીભાઈ પરમાર રહે. કુંકાવાવ જકાતનાકા પાસે, અમરેલીવાળાને ચોક્કસ બાતમી આધારે આરોપીને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૨૧૭ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૦૯ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૨૮૦ | ૧૫૯૦ |
| ૪ | તલ સફેદ | ૧૭૧૦ | ૨૮૨૦ |
| ૫ | બાજરો | ૪૬૩ | ૪૬૩ |
| ૬ | જુવાર | ૪૫૩ | ૬૧૫ |
| ૭ | ઘંઉ ટુકડા | ૪૦૪ | ૬૬૬ |
| ૮ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૬૭ |
| ૯ | ચણા | ૯૦૦ | ૧૨૫૧ |
| ૧૦ | ચણા દેશી | ૧૦૬૨ | ૧૩૧૫ |
| ૧૧ | તુવેર | ૧૦૮૦ | ૨૧૬૦ |
| ૧૨ | કપાસ | ૯૯૨ | ૧૫૧૮ |
| ૧૩ | એરંડા | ૧૦૦૦ | ૧૦૯૪ |
| ૧૪ | જીરૂ | ૩૪૦૦ | ૪૩૬૫ |
| ૧૫ | રાયડો | ૮૬૫ | ૯૨૫ |
| ૧૬ | રાય | ૯૦૦ | ૯૦૦ |
| ૧૭ | ધાણા | ૧૧૨૦ | ૧૬૯૦ |
| ૧૮ | ધાણી | ૧૨૦૦ | ૨૩૮૦ |
| ૧૯ | અજમા | ૧૦૩૦ | ૨૫૦૦ |
| ૨૦ | મેથી | ૮૦૦ | ૯૮૦ |
| ૨૧ | સોયાબીન | ૮૫૦ | ૯૧૪ |
| ૨૨ | મરચા લાંબા | ૭૧૦ | ૪૦૧૦ |
| ૨૩ | વરીયાળી | ૧૨૦૦ | ૧૬૨૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૦ | ૧૫૨૮ |
| ૨ | તુવેર | ૧૪૫૦ | ૧૯૦૦ |
| ૩ | ઘઉં | ૪૮૫ | ૫૯૦ |
| ૪ | ચણા | ૧૧૮૫ | ૧૨૦૨ |
| ૫ | જીરૂ | ૩૮૯૦ | ૪૨૦૦ |
| ૬ | ધાણા | ૧૫૫૦ | ૧૮૦૦ |
| ૭ | મેથી | ૮૯૦ | ૧૦૫૦ |
| ૮ | રાઈ | ૯૦૦ | ૧૦૫૦ |
| ૯ | એરંડા | ૧૦૫૦ | ૧૦૮૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૪૦ | ૧૨૦૦ |
| ૨ | શીંગ મોટી | ૯૧૩ | ૧૨૫૧ |
| ૩ | શીંગ મઠડી | – | ૧૨૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૮૦૦ | ૨૮૭૧ |
| ૫ | તલ કાળા | – | ૩૨૦૦ |
| ૬ | જીરૂ | ૩૧૦૦ | ૪૬૦૦ |
| ૭ | કપાસ | ૧૨૫૧ | ૧૪૮૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૫૪ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૪૫ | ૫૫૬ |
| ૧૦ | બાજરો | ૩૫૦ | ૫૦૧ |
| ૧૧ | ચણા | ૧૧૨૦ | ૧૨૫૧ |
| ૧૨ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૪૩૧ |
| ૧૩ | તુવેર | ૧૫૦૦ | ૨૧૩૫ |
| ૧૪ | એરંડી | ૧૦૦૦ | ૧૧૩૯ |
| ૧૫ | મેથી | ૮૫૦ | ૧૦૫૩ |
| ૧૬ | ધાણા | ૧૦૦૦ | ૧૩૫૪ |
| ૧૭ | સોયાબીન | ૮૪૦ | ૮૯૦ |
| ૧૮ | મકાઈ | ૫૦૦ | – |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૧ | ૧૩૭૬ |
| ૨ | ઘઉં | ૪૭૩ | ૫૫૫ |
| ૩ | ચણા | ૧૧૩૫ | ૧૧૭૬ |
| ૪ | ધાણા | ૧૩૩૫ | ૧૩૩૫ |
| ૫ | તુવેર | ૧૮૨૫ | ૧૮૨૫ |
| ૬ | મેથી | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ૭ | સોયાબીન | ૮૩૯ | ૮૩૯ |
| ૮ | મગ | ૧૩૯૦ | ૧૩૯૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૪૭ |
| ૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૭૪ |
| ૩ | શીંગફાડા | ૧૪૬૦ | ૧૫૦૦ |
| ૪ | ધાણી | ૧૧૦૧ | ૧૪૭૧ |
| ૫ | ધાણા | ૧૨૦૦ | ૧૨૮૦ |
| ૬ | ઘઉં લોકવન | ૩૮૮ | ૫૦૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૧૫ | ૫૨૨ |
| ૮ | રાયડો | ૮૦૦ | ૮૨૫ |
| ૯ | મગફળી | ૯૪૦ | ૧૨૩૫ |
| ૧૦ | મેથી | ૮૧૪ | ૯૬૬ |
| ૧૧ | તુવેર | ૧૩૦૦ | ૧૭૮૦ |
| ૧૨ | એરંડી | ૧૦૭૧ | ૧૦૯૧ |
| ૧૩ | રાય | ૯૪૫ | ૯૭૦ |
| ૧૪ | લસણ | ૧૩૫૦ | ૧૪૦૧ |
| ૧૫ | અડદ | ૯૫૦ | ૧૦૦૦ |
| ૧૬ | સોયાબીન | ૮૯૧ | ૯૦૦ |
| ૧૭ | મકાઈ | ૫૦૦ | ૫૭૧ |


## જાહેર નોટિસ

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, એમએજી શાખા**
**બગસરા, જિ.અમરેલી**

અરજદાર : શ્રી ગોરધનભાઈ ગોવાભાઈ ડોબરીયા
રે.મોટી કુંકાવાવ,તા.કુંકાવાવ–વડિયા,જિ. અમરેલી.

નં. એમએજી/વશી/રજી.નં.૨૯/૨૪
તા. ૧૨/૦૪/૨૦૨૪

**અરજદારશ્રીના વકીલ યોગેશ ડી. દવે**
ઠે. શારદા શોપીંગ સેન્ટર, શોપ નં. ૪૬, મુ. મોટી કુંકાવાવ, તા. વડીયા, જિ. અમરેલી.

**// વિરૂધ્ધ //**

સામાવાળા : જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
–વ–
તલાટી કમ મંત્રીશ્રી, મોટી કુંકાવાવ,તા.કુંકાવાવ–વડિયા, જિ. અમરેલી.

**// નોટિસ //**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રહિશ શ્રી **ગોરધનભાઈ ગોવાભાઈ ડોબરીયાના** માતા સ્વ.રળીયાતબેન ગોવાભાઈ ડોબરીયાનું **અવસાન તા.૦૧/૦૨/૧૯૮૯**ના કુંકાવાવ–વડિયા તાલુકાના મોટી કુંકાવાવ મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત **તારીખ ૧૬/૦૫/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે** વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી. તેમજ અરજી સાથે જે સાક્ષીના સોંગદનામા રજુ કરવામાં આવેલ છે. તેમને મુદ્દતે રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવે છે.

સિક્કો

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ**
**બગસરા**


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૦૦ | ૧૧૭૬ |
| ૨ | કપાસ | ૧૨૦૧ | ૧૫૧૫ |
| ૩ | બાજરો | ૪૦૦ | ૫૪૨ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૮૧ |
| ૫ | જુવાર | ૫૧૬ | ૮૪૫ |
| ૬ | મેથી | ૧૦૦૦ | ૧૦૧૧ |
| ૭ | તુવેર | ૧૯૦૦ | ૨૧૦૦ |
| ૮ | ચણા | ૧૦૫૦ | ૧૨૨૧ |
| ૯ | જીરૂ | ૪૮૦૦ | ૪૮૫૧ |
| ૧૦ | એરંડી | ૮૦૦ | ૧૦૦૧ |
| ૧૧ | રાય | ૮૨૫ | ૧૧૨૬ |
| ૧૨ | સોયાબીન | ૬૫૦ | ૬૫૦ |
| ૧૩ | ધાણા | ૮૦૦ | ૧૨૦૦ |

# મહુવા પંથકમાં કોંગી ઉમેદવાર જેનીબેન ઠુંમરને યુવાનો, મહિલાઓ અને વડિલો દ્વારા જબ્બરો આવકાર



મહુવા વિસ્તારના પ્રવાસે અમરેલીલોકસભાના કોંગ્રેસના મહિલા અને શિક્ષત ઉમેદવાર જેનીબેન ઠુમ્મરે લોકોના આશિર્વાદ મેળવવા ગયા હતા.ત્યારે તેમણે જણાવ્યુ હતુ કે મહુવા તાલુકાના લોકો ખુબ મહેનતુ છે.ત્યારે આ વિસ્તારમાં અનેક વિકાસ કામો થઈ શકે તેમ છે. ત્યારે મહુવા વિસ્તારમાં દેશ–વિદેશમાંથી લોકો ફરવા અને દર્શનાર્થે આવે છે. ત્યારે મહુવા તાલુકામાં માં ભવાની, માં ચામુંડા અને માં માંગલાના શક્તિપીઠ છે. આ ઉપરાંત બજરંગ દાસ બાપાનો આશ્રમ અને પૂ.મોરારીબાપુનુ સાનિધ્ય તલગાજરડાને મળ્યુ છે. અને વિશ્વ વિખ્યાત ગોપનાથ મહાદેવ પણ મહુવાની બાજુમાં તળાજા તાલુકામાં આવ્યુ છે.ત્યારે અહીંયા પ્રવાસન ઉદ્યોગને સારૂ પ્રભુત્વ મળે તેમ છે. આ માટે કેન્દ્ર અને રાય સરકાર સારા રસ્તા, હોટલ, સહિતની સુધિઓ ઉભી કરવામાં પ્રોત્સાહન આપે તો મહુવા તાલુકાના લાખો લોકોને રોજગારી મળી શકે. આ ઉપરાંત અહીંયાનો બિજા હસ્ત ઉદ્યોગ સંઘેડીયા બજારમાં તૈયાર થતી લાકડાની કલાત્મક વસ્તુ છે.ત્યારે આ કારીગરો અને ઉદ્યોગને પ્રોત્સાહન આપવામાં આવે તો વિદેશ સુધી તેની ડીમાંડ છે. અને અહીંયાના કલાકારો અને વુડન ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા લાખો લોકોને રોજગારી વધે અને આ વિસ્તારનો વધુ વિકાસ થાય. મહુવા તાલુકામાં ખેડૂતો ડુંગળીની મુખ્ય ખેતી કરે છે. અને આ વિસ્તારમાં નાળીયેરીની પણ ખેતી અમુક વિસ્તારમાં થાય છે. ત્યારે આ ખેડૂતોને પુરતા ભાવ મળે અને સારી બજાર મળે તે માટે સરકાર સ્તરે પ્રયત્નો જરૂરી છે. માટે ખેડૂતોના વિકાસ માટે સરકાર પગલાં ભરે તેવી અમારી માંગણી છે. મહુવા તાલુકો બંદર અને ઉતમ ખેતી સાથે મોટા ભાગના ધાર્મિક સ્થળો ધરાવતો તાલુકો છે. ત્યો રેલ્વે ક્ષેત્રે મહુવા તાલુકાને અન્યાય થઈ રહ્યો છે. ત્યારે મહુવા વિસ્તારને રેલ્વેની કનેકટીવીટી છે. પરંતુ જોઈએ તેટલી ટ્રેન અહીંયા આવતી નથી માટે મહુવા તાલુકામાં દેશના દરેક રાજયો ને જોડતી ટ્રેનો ની કનેકટીવીટી આપવામાં આવે તો આ વિસ્તારનો વ્યાપક પ્રમાણમાં વિકાસ થઈ શકે તેમ છે. અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે જણાવ્યુ હતુ કે વર્તમાન સરકારમાં બે–રોજગારી ચરમસિમાએ છે. તેમાં વેપારીઓ જીએસટીની માયાજાળમાં જ રહે છે. શિક્ષત યુવાનો મોબાઈલમાં સમય વિતાવવા મજબુર બન્યા છે. મોંઘવારીએ બહેનોનું બજેટ ખોરવી નાખ્યુ છે. ગેસના બાટલા, તેલ, લાઈટબીલ, પેટ્રોલ, ડીઝલના ભાવના કારણે મધ્યમ અને ગરીબ પરિવારના લોકોનું બજેટ ખોરવાયું છે. અત્યારે મોટા ભાગના પરિવારની બચત પુરી થઈ ચૂકી છે. અને લોક ઉપર જીવતા થયા છે. ત્યારે લોકો આ બધાથી ત્રસ્ત છે. માટે જ પરિવર્તન કરવાના મૂડમાં છે. આ તકે જેનીબેન સાથે પ્રવાસમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, ભાવનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ ગોહિલ, કનુભાઈ પૂર્વધારાસભ્ય તળાજા, કનુભાઈ કળસરિયા પૂર્વ ધારાસભ્ય, પ્રવીણ ભાઈ રાઠોડ પુર્વ ધારસભ્ય, અમિતભાઈ લાવતુકા, માલધારી સેલ જોન્ટીભાઈ જોલિયા ઉપપ્રમુખ, મહુવા તાલુકા કોંગ્રેસ મોહનભાઈ કાતરીયા, પૂર્વ કારોબારી ચેરમેન, મહુવા તાલુકા પંચાયત ચેરમેન વી. ડી. મકવાણા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ જીતેન્દ્રસિંહ વાજા મહેબૂબ કલાણીયા, કામિનીબેન સોની, ઉપપ્રમુખ, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિ ભીમજીભાઈ પઢિયારકા, કોંગ્રેસ આગેવાન હરિભાઈ અક્તરિયા, કોંગ્રેસ આગેવાન સહિત મોટી સંખ્યામાં બહેનો પણ આ પ્રવાસમાં જોડાયા હતા.

## રાજુલા : ૬ વર્ષની આપ્યાબેન નામની બાળકીએ ૩૦ રોઝા રાખ્યા

રાજુલા, તા. ૧૩

રાજુલાની ૬ વર્ષની બાળકી આપ્યાબેન અયાઝભાઈ ગોરીએ રમઝાન માસમાં ૩૦ રોજા પુર્ણ કરીને ખુદાની બંદગી કરી.




ડો.બાબા સાહેબ આંબેડકર ને ૧૩૩મી જન્મ જયંતિએ કોટિ કોટિ વંદન

યુગપુરૂષ સમા ભારતીય સંવિધાનનાં ઘડવૈયા, મહિલા ઉદ્ધારક, કર્મનિષ્ઠ અને વૈશ્વિક પ્રતિભા ધરાવતા ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર ને




૧૩૩મી જન્મ જયંતિએ કોટિ કોટિ વંદન...

શ્રી રમેશભાઈ કરશનભાઈ ચુડાસમા
:: પ્રમુખ ::
માનવ સેવા મંડળ ટ્રસ્ટ - જાફરાબાદ



શ્રધ્ધાંજલિ



સ્વ. વેલજીભાઈ બાલુભાઈ નકુમ (આહીર)
( રાષ્ટ્રીય સચિવ, સમાજવાદી પાર્ટી )
સ્વ.તા. ૦૮-૦૪-૨૦૨૪,(ઉ.વ.૬૨) ગામ : નાના આસરાણા

સતસંગી જીવન એવું જીવી ગયા કે જેની સુગંધ સદાય અમારા જીવનમાં રહેશે.
હસતા ચહેરે નિઃસ્વાર્થ સંયુકત કુંટુંબ ભાવના નિભાવતા ગયા અને કર્મ એવા કર્યા કે સૌના હૃદયમાં અમર રહેશે.
સદ્‌ગતના આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી. બાબુભાઈ રામભાઈ રામ (હાલ સુરત)
શિવાભાઈ ભાણાભાઈ વાઘ
નનાભાઈ ભાણાભાઈ વાઘ — મુ.રામપરા
સાર્દુળભાઈ ભાણાભાઈ વાઘ — હાલ : રાજુલા


## માનસિક સ્થિતિ સારી ન હોય કંટાળીને વડિયાની સીમમાં આવેલ વાડીમાં યુવકે ગળાફાંસો ખાઈ લઈ અંતિમવાટ પકડી

અમરેલી, તા. ૧૩

મુળમધ્યપ્રદેશના વતની અને હાલ જેતપુર તાલુકાના ચારણ સમઢીયાળા ગામે ભરતભાઈ રામાણીની વાડીએ રહેતા ગુડા ગન્જાભાઈ સોલંકી નામનાં ૩૬ વર્ષિય યુવકની માનસિક સ્થિતિ સારી ન હોય જેથી તા. ૯ નાં સાંજના ૬ વાગ્યાથી તા. ૧૧ ના સાંજના ૬/૪૫ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે વડિયા ગામની સીમમાં આવેલ હરીભાઈ શામજીભાઈ રાણપરીયાની વાડીએથી પોતાનાં રહેણાંક ઝુંપડેથી ભાગી જઈ અને બાદ પોતાનાં મોબાઈલ ફોનથી પોતાનાં પત્નિ તથા પરિવારનાં સભ્યોને વાતચીત કરી અને કહેતો હોય કે મને કયાંય જીવવું ગમતુ નથી. તેમ કહી અને વડિયા ગામની સીમમાં આવેલ હરીભાઈ રાણપરીયાની વાડીએ આવેલ પીપળાનાં ઝાડ પર ચડી અને ગળાફાંસો ખાઈ લેતા તેમની લાશ કોહવાઈ ગયેલ તથા ફુલી ગયેલ હાલતમાં મળી આવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી ઉના : સનખડા આઉટ પોસ્ટ વિસ્તારમાંથી એક ઈસમની હથિયાર સાથે અટકાયત

ઉના, તા. ૧૩

સનખડા ઓ.પી. વિસ્તારના પી. એસ. આઈ. આર. પી.જાદવ, સનખડા ઓ.પી.ટીમના પોલીસના માણસોની ટીમો બનાવી દારૂ જુગાર જેવી પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈસમોને ઝડપી પાડવા જરૂરી સુચના માર્ગદર્શન આપેલ હોય જે સુચના મુજબ સનખડા ઓ.પી. વિસ્તારના પી.એસ.આઈ. આર.પી. જાદવ,



પો.હેડ.કોન્સ શાંતીલાલ વેલાભાઈ સોલંકી, પો.કોન્સ કિશોરભાઈ જીવાભાઈ સહિતના પો.સ્ટાફના માણસો ઓ.પી. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન કલાક રાત્રિના સમયે ખત્રીવાડા ગામે મહાકાળી ચોકમાં આવતા એક ઈસમ જાહેર રસ્તા પર પોતાના હાથમા ખુલ્લી તલવાર લઈ આવતો હોય જેથી આ ઈસમને રોકી પોતાના હાથમા તલવાર રાખવા બાબતે પુછતા સંતોષ કારક જવાબો આપતો ન હોય જેથી આ ઈસમ જાહેરમા તલવાર જેવા હથીયાર સાથે મળી આવેલ હોય જેથી આ હથિયાર સાથે ઝડપાયેલ યુવકનું નામ ઠામ પુછતા પોતાનુ નામ ઉકાભાઈ અમરૂભાઈ સોલંકી ઉ.વ ૪૫ એ ગેરકાયદેસર રીતે પોતાના કબ્જામાં સ્ટીલ જેવા ધાતુની તલવાર હથિયાર રાખી.જીલ્લા.મેજી.ના જાહેરનામાનો ભંગ કરી જાહેર માંથી મળી આવી ગુન્હો કરેલ હોય તે અંગે ઉના પો.સ્ટે.ખાતે જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબનો ગુન્હો રજી. કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ચલાલાની ખાનગી શાળામાં પરીક્ષાનાં ડમી વિદ્યાર્થી સામે ફરીયાદ

અમરેલી, તા. ૧૩

ચલાલા ગામે આવેલ ચિરાગસ્કુલમાં ગતતા. ૧૩/૩ના સવારે ૯/૪૦ વાગ્યા દરમ્યાન દહીડા ગામે રહેતા શિવરાજભાઈ ચાંપરાજભાઈ વાળાએ ધોરણ–૧૦ ની એસએસસી પરીક્ષામાં ગણિતનું પેપર હોય પોતાની હોલ ટીકીટ બેઠક ક્રમાંક નં. સી–૩૦૧૦૪૦૬ ની જગ્યાએ ડમી વિદ્યાર્થી તરીકે હરદીપ કશુભાઈ વાળા (રહે. દહીડા, તા. ધારી) વાળાને બેસાડી પરીક્ષા દરમ્યાન પકડાઈ જતાં આ બનાવમાં એક મહિના બાદ વિદ્યાર્થી સામે શિલ્પાબેન ઘનશ્યામભાઈ બોરીસાગરે પોલીસમાં ફરિયાદ નોંધાવેલ છે.


અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )

‘ઈસ્કૂલી લાઈવ બુક’ દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ ‘ઈસ્કૂલી’ ડીજીટલ અભ્યાસક્રમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેકટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

શરૂ થતાં નવા સત્ર માટે... પ્રવેશ શરૂ
પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળકોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેકટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ

- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજ્યુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજ્યુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુક્સ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ ક્લાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

CBSE પધ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે




અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...

PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦
sunflowerpreschool.in

## ડો.બાબા સાહેબ આંબેડકર ને ૧૩૩ મી જન્મ જયંતિએ કોટિ કોટિ વંદન

વંદનકર્તા

યુગપુરૂષ સમા ભારતીય સંવિધાનનાં ઘડવૈયા, મહિલા ઉધ્ધારક, કર્મનિષ્ઠ અને વૈશ્વિક પ્રતિભા ધરાવતા ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર ને

૧૩૩મી જન્મ જયંતિએ કોટિ કોટિ વંદન...

**શ્રી કે. કે. વાળા**
(એડવોકેટ)
સામાજીક અગ્રણી - અમરેલી

## ડો. બાબાસાહેબ આંબેડકરને

૧૩૩મી જન્મ જયંતિએ કોટી કોટી વંદન...

યુગપુરૂષ સમા ભારતીય સંવિધાનનાં ઘડવૈયા, મહિલા ઉધ્ધારક, કર્મનિષ્ઠ અને વૈશ્વિક પ્રતિભા ધરાવતા ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર ને

૧૩૩મી જન્મ જયંતિએ કોટિ કોટિ વંદન...

**શ્રી શરદ એ.મકવાણા**
પૂર્વ સદસ્ય : સા. ન્યાય સમિતિ જી.પં. અમરેલી

**દિપાલી એસ. મકવાણા**
ચેરમેન : સા.ન્યાય સમિતિ ગ્રામ પંચાયત - ચાડીયા.

## ડો.બાબા સાહેબ આંબેડકર ને ૧૩૩મી જન્મ જયંતિએ કોટિ કોટિ વંદન

યુગપુરૂષ સમા ભારતીય સંવિધાનનાં ઘડવૈયા, મહિલા ઉધ્ધારક, કર્મનિષ્ઠ અને વૈશ્વિક પ્રતિભા ધરાવતા ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર ને

૧૩૩મી જન્મ જયંતિએ કોટિ કોટિ વંદન...

**શ્રી હીરાભાઈ પડાયા**
ઈન્ચાર્જ : બેટી બચાવો, બેટી પઢાઓ પ્રકલ્પ ભારતીય જનતા પાર્ટી જીલ્લો અમરેલી.
પ્રમુખ : ભારતીય સમાજ સંઘ, ગુજરાત.
મો.નં. ૯૬૬૪૮ ૧૦૩૩૪

## ડો.બાબા સાહેબ આંબેડકર ને ૧૩૩મી જન્મ જયંતિએ કોટિ કોટિ વંદન



યુગપુરૂષ સમા ભારતીય સંવિધાનનાં ઘડવૈયા, મહિલા ઉધ્ધારક, કર્મનિષ્ઠ અને વૈશ્વિક પ્રતિભા ધરાવતા ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર ને

૧૩૩મી જન્મ જયંતિએ કોટિ કોટિ વંદન...

**શ્રી અર્જુન સોસા**
પુર્વ પ્રમુખ
જિલ્લા કોંગ્રેસ સમિતિ
અમરેલી

## ડો.બાબા સાહેબ આંબેડકર ને ૧૩૩ મી જન્મ જયંતિએ કોટિ કોટિ વંદન



યુગપુરૂષ સમા ભારતીય સંવિધાનનાં ઘડવૈયા, મહિલા ઉધ્ધારક, કર્મનિષ્ઠ અને વૈશ્વિક પ્રતિભા ધરાવતા ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર ને

૧૩૩મી જન્મ જયંતિએ કોટિ કોટિ વંદન...

**શ્રી શકિતસિંહ ગોહિલ**
અધ્યક્ષ - ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

**શ્રી અમીત ચાવડા**
વિપક્ષ નેતા - ગુજરાત વિધાન સભા

**શ્રી પરેશ ધાનાણી**
પૂર્વ વિપક્ષ નેતા - ગુજરાત વિધાન સભા

**શ્રી પ્રતાપ દુધાત**
પ્રમુખ : અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ

અમરેલી લોકસભા INDIA ગઠબંધનના ઉમેદવાર
**જેની ઠુમ્મર**

**શ્રી વિરજીભાઈ ઠુંમર**
પૂર્વ સાંસદ કોંગ્રેસપક્ષ



સરગાસણ, ગાંધીનગર
એસ.જી હાઈવે થી માત્ર ૨૦૦ મીટર ના અંતરે

SAFFRON FLORA
NATURE INSPIRED LIVING



ઓપન કીટચેન એરિયા, મલ્ટી પર્પોઝ કોર્ટ, સત્સંગ/કિટ્ટી પાર્ટી રૂમ, સ્નેક્સ એન્ડ લેડડર્સ, તોડદલર રૂમ, બોક્સ ક્રિકેટ, સ્કેટિંગ પાથ, ઇન્ડોર ગેમ્સ, ચીલ્ડરન પ્લે એરિયા, બેંક્યુએટ હોલ ૧, બેંક્યુએટ હોલ ૨, કોન્ફરન્સ રૂમ, ગઝેબો સીટિંગ, ઝૂલા કોર્ટ

પિકઅપ ડ્રોપ ઓફ ઝોન, ગેસ પાઇપલાઇન, ગેસ્ટ રૂમ, કોમન વોશરૂમ, સિક્યુરિટી cctv કેબિન, હોઉસ કીપિંગ રૂમ, કોમન સોલાર સિસ્ટમ, ટી.વી. રૂમ, લુડો, લાયબ્રેરી, મ્યુઝિક રૂમ, કરાઓકે સ્ટુડિયો, જિમ્નેશિયમ

3 BHK LUXURY LIVING

BHAVIN SOJITRA - 85114 92222
Rera No: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/MAA12553/011123, Website: gujrerar1.gujarat.gov.in


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)